સુવિચાર
''પરિવાર મેડિકલ સ્ટોર જેવો હોય છે. ત્યાં આપણાં બધાં જ દર્દોની દવા મળે છે, અને એય પાછી નિઃશુલ્ક.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૨/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૦૦૭

## નેશનલ હેરલ્ડ કેસમાં શ્રીમતિ સોનિયા ગાંધી, રાહુલ ગાંધીને રાહત મળતા

# અમરેલી જિલ્લાનાં ''કોંગ્રેસ'' પક્ષનાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ

જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લાભરનાં આગેવાનોની ઉપસ્થિતિમાં કારોબારી બેઠક યોજાઈ

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મજબુતીથી ચૂંટણી જંગમાં ઉતરવાનો રણટંકાર થયો

જિલ્લા કોંગી આગેવાનોએ રેલી સ્વરૂપે ડો. જીવરાજ મહેતા ચોકમાં પહોંચી ન્યાય મળતાં આતશબાજી કરી

જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની આગેવાનીમાં કોંગ્રેસ પક્ષમાં ઉત્સાહનો માહોલ ઉભો થયો



અમરેલી, તા. ૧૯
સ્થાનિક સ્વરાજયની ચૂંટણી નજીક આવતા જ કોંગ્રેસ દ્વારા કવાયત શરૂ કરવામાંઆવી છે ને આજે જીલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ હતી ને કાર્યકર્તાઓમાં જોમ જુસ્સો ભરવા અમરેલી જીલ્લા કોંગ્રેસના પ્રમુખે હુંકાર કર્યો હતો ને લડીશું તો જીતીશું તેવો રણટંકાર કર્યો હતો.

અમરેલી જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગી નેતા પ્રતાપ દુધાતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને કમર કસવાનું શરૂ કર્યુ હતું. મોટી સંખ્યામાં કોંગી કાર્યકરોને સાંભળ્યા બાદ કોંગી નેતાએ જનતાની આંખમાં આંખ મિલાવીને વાત કરીએ એ આપણી જીત છે અને સત્તા હોય કે ન હોય મહાભારતના યુગમાં યુધિષ્ઠિર અને કૃષ્ણ ભગવાનને ખબર હતી સોગઠાની રમત રમાતી હતી. બધી હાર થતી હતી સત્ય માટે લડવાનું કામ ચાલુ હતુ જયારે હાલની સ્થિતિમાં હિન્દુસ્તાનમાં કોંગ્રેસ એજ સ્થિતિમાં લડી રહી છે એના અમે

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લામાં કુલ ૧૨,૭૧,૩૭૫ મતદારોનાં એન્યુમરેશન ફોર્મ વિતરણ થયેલા

# અમરેલી જિલ્લામાં કુલ ૧૧,૩૨,૮૧૬ ફોર્મ ઓનલાઈન ડિજિટાઈઝ કરાયા : અન્ય ૭૧,૬૦૦થી વધુ મતદારો મેપ થયા નથી

### જિલ્લામાં કુલ ૧,૩૮,૫૫૯ મતદારો ગેરહાજર, સ્થળાંતર કે મરણ થયાનું બહાર આવ્યું



અમરેલી, તા. ૧૯
ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા. ૨૭/૧૦/૨૦૨૫ના પત્રથી તા. ૦૧/૦૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ જાહેર કરવામાં આવેલ છે. જે તા. ૨૮/૧૦/.૨૦૨૫ થી શરૂ થઈ તા. ૧૭/૦૨/૨૦૨૬ સુધી

स्वादिष्ट और पौष्टिक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું ૧૦૦% શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

અમરેલી એક્સપ્રેસ
17 YEARS ANNIVERSARY
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
શુભચિંતક
શ્રી રિષિ પ્રમોદભાઈ રૂપારેલિયા
એડવોકેટ & નોટરી
શ્રી વિશાલ પ્રમોદભાઈ રૂપારેલિયા
એડવોકેટ & નોટરી
ફર્મ : આર. આર. લો
હેડ ઓફિસ : પોલીસ સ્ટેશન સામે - બાબરા
બ્રાન્ચ : રાજકોટ - લીંબડી - સુરેન્દ્રનગર

naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો.સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ — ડાયાબિટીસ,થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત — તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો.અંગદ શેઠ — બેરીયાટ્રીક — કાઉન્સીલર, વજન ઉતારવાના નિષ્ણાંત — તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો.મૈત્રેય જોષી — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ — કિડની, પથરી અને પ્રોસ્ટેટના રોગોના નિષ્ણાંત — તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૬:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

અમરેલી એક્સપ્રેસ
17 YEARS ANNIVERSARY
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
શુભચિંતક
શ્રી જનકભાઈ તળાવીયા
ધારાસભ્ય
લાઠી - બાબરા વિધાનસભા

### ૧૩ ઓકટોબરથી ૬ માસ સુધી હદપાર કરેલ

# જાફરાબાદ : મોટા માણસા ગામનાં ઈસમે હદપારીનો ભંગ કરતાં ધોરણસર કાર્યવાહી

### મોટા માણસાના બસ સ્ટેન્ડમાંથી અટકાયત

અમરેલી, તા. ૧૯

જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામે રહેતાં પ્રેમજીભાઈ ઉર્ફ પ્રવિણભાઈ સોમાભાઈ જોગદિયાને સબ.ડીવીઝનલ મેજી. રાજુલાના હદપાર હુકમ નં. હદપારી / કેસ રજી. નં. ૨૫ / ૨૫ તા. ૧૩/૧૦/૨૫ થી છ માસ સુધી અમરેલી જીલ્લા, ભાવનગર જીલ્લા તથા ગીર સોમનાથ જીલ્લામાંથી હદપાર કરેલ હોય છતા તે હુકમનો ભંગ કરી ગત તા.૧૮ ના રોજ સાંજે ૭ વાગ્યે મોટા માણસા ગામે બસ સ્ટેશનમાંથી મળી આવતા તેમની સામે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### બનાવટી દસ્તાવેજ કોર્ટમાં રજુ કરતા

# ધારીના એડવોકેટ સામે ઈન્ચાર્જ રજીસ્ટરે ફરિયાદ નોંધાવી

### સ્થાનિક પોલીસે કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૯

ધારી ગામે રહેતાં અને વકીલ તરીકે કામ કરતાં આર.બી. જોષીએ ધારી ખાતે આવેલ થર્ડ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલતા રેગ્યુલર દિવાની અપીલ નં. ૬/૨૦૨૫માં કોર્ટ ફી ભરવાના સ્ટેજે આરોપીએ કોર્ટમાં ચાલતા દાવાના વિવાદીના વકીલ તરીકે રોકાયેલાના હોવા છતા તથા આ દાવામાં વકીલ તરીકે કાર્ય કરવાનો કોઈ અધિકાર આપવામાં આવેલ ન હોવા છતા સદર દાવામાં વિવાદીના વકીલ તરીકે પુરસીષ તૈયાર કરી તેમા સહી કરી એક પ્રકારે ખોટો દસ્તાવેજ તૈયાર કરી તેદસ્તાવેજ ખોટો હોવાનુ જાણવા છતા ધારીના થર્ડ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટનો હુકમ મેળવવા સારૂ કોર્ટ સમક્ષ રજુ કરી કોર્ટનો હુકમ મેળવી ગુન્હો લઈ ગુન્હો કર્યા અંગેની ફરિયાદ થર્ડ એડીશનલ સેશન્સ કોર્ટ ધારીના ઈ.ચા.રજીસ્ટારે ધારી પોલીસમાં નોંધાવી છે.

### ખાનગી કંપની કે વેપારીઓનાં હોર્ડિંગ લગાવાયા હોય

# અમરેલીમાં પાલિકા અને પીજીવીસીએલનાં પોલ ઉપર લગાવાયેલ હોર્ડિંગને હટાવી લો

### જાહેર મિલ્કતનો અંગત ઉપયોગ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરો






અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરની જાહેર મિલ્કતનો પોતાનાં ધંધા–વ્યવસાયનાં પ્રચર–પ્રસાર માટે અમુક વ્યવસાયીઓ ધ્વારા અંગત ઉપયોગ કરાતો હોય અને પોતાના ધંધાનાં જાહેરાતનાં હોર્ડિંગ લગાવવાનું કાર્ય ગેરકાયદેસર હોય તેમની વિરૂધ્ધ દંડનાત્મક કાર્યવાહી કરવાની માંગ ઉભી થઈ છે.

અમરેલી શહેરની જાહેર જગ્યા કે પાલિકા અને પીજીવીસીએલનાં પોલ નધણિયાત હોય તેમ તેનો ઉપયોગ અંગ રીતે કરવા માટે ધંધા–રોજગારની જાહેરાતોનાં મસમોટા હોર્ડિંગની શહેરમાં હારમાળા સર્જાઈ હોય પાલિકાનાં શાસકોએ આ પ્રકારનાં હોર્ડિંગ હટાવીને જે કોઈ વ્યવસાયીએ હોર્ડિંગ લગાવ્યા હોય તેમના વિરૂધ્ધ દંડનાત્મક કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

### પ્રોફેસરનાં અભાવે શિક્ષણ મળતુ ન હોવાથી

# વડિયાની સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓનો હોબાળો

### કાયમી પ્રોફેસરની નિમણુંક કરવા માંગ કરાઈ


તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૯

વડિયા ખાતે પાંચેક મહિનાં પહેલા વાજતે ગાજતે શરૂ થયેલ સરકારી કોલેજમાં કાયમી ધોરણે જરૂરી પ્રોફેસરની ભરતી ન થતાં અને માત્ર એક પ્રોફેસરથી ગાડુ દોડાવતા હોય રોષે ભરાયેલ વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો.

અમરેલી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષણ નથી. સરકારી દવાખાનામાં ડોકટર કે મેડિકલ સાધનો નથી અને હવે સરકારી કોલેજમાં પ્રોફેસર નથી. છતાં પણ દિવસ–રાત વિકાસનાં ગીતો ગવાઈ રહ્યા છે.

### શહેરને સુંદર અને રળિયામણુ બનાવવાનાં પ્રયાસરૂપે

# બગસરા શહેરમાં ગંદકીનો ફેલાવો કરનાર અને પાણીનો દુરૂપયોગ કરનારને દંડિત કરાયા

### આગામી દિવસોમાં પણ સતત કાર્યવાહી કરાશે


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા પાલિકા દ્વારા અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને પ્રાદેશિક કમિશ્નર ભાવનગર ઝોનની સુચનાથી શહેરી વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશના ભાગ સ્વરૂપે બગસરા નગરપાલિકા વિસ્તારમાં ચીફ ઓફીસર, સેનેટરી ઈન્સ્પેકટર, વોર્ડ સુપર વાઈઝરો દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં વિઝીટ કરવામાં આવી. જેમાં વીઝીબલ કલીન્લીનેસ, ડોર ટુ ડોર અને પાણીનાં વેળફાટનું મોનીટરીંગ કરવામાં આવ્યું હતું અને પાણીના વેડફાટ કરનાર વ્યકિતઓને દંડ કરવામાં આવ્યો હતો જયારે હાલ ૩૫૦૦ જેટલો દંડ કરવામાં આવ્યો હતો. તેમ છતાં જો કોઈ લોકો કચરો તેમજ પાણીના વેડફાટ કરતા હશે તો હજુ પણ વધુ દંડ ફટકારવામાં આવશે તેવી પાલિકા ચીફ ઓફિસર દિલીપભાઈ હુણ દ્વારા લોકોએ જયાં ત્યાં કચરો ફેંકવો નહિ કે પાણીનો વેડફાટ કરવો નહિ જો કરશો તો દંડ કરવામાં આવશે તેવી સૂચના આપવામાં આવી.

જયારે આ બાબતે ચીફ ઓફિસરને પૂછતાં તેમણે જણાવ્યું કે આગામી દિવસોમાં શહેરના તમામ વિસ્તારોની વિઝીટ કરવામાં આવશે અને જયાં પણ લોકો ગંદકી ફેલાવતા હશે અથવા તો કચરો કરતા હશે કે પછી પાણીનો બગાડ કરતા હશે તેની ઉપર કાર્યવાહી કરી દંડ ફટકારવામાં આવશે.

### સરપંચ પ્રતિનિધિએ ટીડીઓને લેખિત રજુઆત કરી

# લ્યો બોલો : ખાંભાનાં બોરાળા ગામે બોર અને મશીનરીનાં કામે ૨ લાખની ગોલમાલનો આક્ષેપ

### કામ કર્યા વગર જ નાણા ઉપડી ગયાનો આક્ષેપ



અમરેલી, તા. ૧૯

ખાંભા તાલુકાના બોરાળા ગામે સ્મશાનમાં બોર અને મશીનરીની કામગીરી માટે ૨૦૨૩ – ૨૪ વર્ષમાં ૧૫મી નાણાપંચ યોજનામાંથી મંજૂર થયેલ ૨ લાખ રૂપિયા બોર અને મશીનરીનું કામ કર્યા વગર જ કોન્ટ્રાક્ટર અને વહીવટદાર પૈસા ચાવ કરી ગયા ? બોરાળા ગામ પંચાયતની ઓડિટ આવતા સમગ્ર ભ્રષ્ટાચાર બહાર આવતા બોરાળા ગામના સરપંચ પ્રતિનિધિ અને સભ્ય દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી અને વિજિલન્સ તપાસની માંગ કરવામાં આવી હતી.

ખાંભા ગીરના છેવાડાના બોરાળા ગામે સ્મશાનમાં બોર અને મશીનરી માટે ૨૦૨૩ – ૨૪ વર્ષમાં ૧૫મી નાણાપંચ યોજનામાંથી ૨ લાખ મંજૂર થયા હતા ત્યારે બોર અને મશીનરીનું કામ કર્યા વગર જ કોન્ટ્રાક્ટર અને વહીવટદાર પૈસા ચાવ કરી ગયાનો સરપંચ પ્રતિનિધિ અને દેવરાજભાઈ મકવાણા દ્વારા આક્ષેપ કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે અને ખાંભા તાલુકા ગામડાઓમાં ભાજપના સત્તાધીશો અને સરપંચો જ કોન્ટ્રાક્ટરો બની ભ્રષ્ટાચાર કરતા હોવાનું પણ સામે આવ્યું છે ખાંભા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં સરપંચ પ્રતિનિધિએ લેખિતમાં રજૂઆત કરી વિજિલન્સ તપાસ માંગ કરી છે ત્યારે બોરાળા ગામ પંચાયતની ઓડિટમાં ગામના સ્મશાનમાં બે લાખ રૂપિયાના બોર અને મશીનરીના બિલ નિકળતા સમગ્ર મામલો બહાર આવ્યો છે અને બોરાળા ગામે સ્મશાનમાં ૮ વર્ષ પેહલા બોર કરવામાં આવ્યો હતો ત્યારે કોઈ પણ પ્રકારનો બોર કે મશીનરીનું કામ થયેલન હોવાનું ગામના પૂર્વ સરપંચ તેમજ ગામજનો દ્વારા જણાવવામાં આવ્યું હતું અને છેલ્લા બે વર્ષમાં બોરાળા ગામે વહીવટદાર શાસન હતું અને ત્યારે ભાજપના મરતીયાવ અને વહીવટદાર ભેગા મળી બોરાળા ગામે સ્મશાનમાં ૨૦૨૩ – ૨૪ વર્ષમાં ૧૫મી નાણાપંચ યોજનામાંથી મંજૂર થયેલ ૨ લાખ રૂપિયા બોર અને મશીનરીના ખોટા બિલો, વાઉચર, કામગીરીનો હુકમ સહિત કાગળો બનાવી અને સ્મશાનમાં જુનો બોર બતાવી ૨ લાખનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું સામે આવ્યું છે ત્યારે ખાંભા તાલુકા પંચાયતના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી બી.એન. કળસરિયા દ્વારા કાયદેસરની તપાસ કરવાનું જણાવ્યું હતું.

### આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા આજે વેપારીઓનું મહાસંમેલન યોજાશે

### ઉર્જામંત્રી, સાંસદ, ધારાસભ્યો પણ ઉપસ્થિત રહેશે







અમરેલી, તા. ૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા અને સ્થાનિક વેપાર–ઉદ્યોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાના હેતુથી ભારતીય જનતા પાર્ટી અમરેલી જિલ્લા ધ્વારા આવતીકાલ શનિવારનાં રોજ રાત્રે ૮:૩૦ કલાકે વેપાર ઉદ્યોગ સંમેલનનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

અમરેલીના અજમેરા સ્કૂલ ખાતેના વર્ધમાન બેન્કવેટ હોલ ખાતે આયોજિત આ સંમેલનનો મુખ્ય ઉદેશ્ય વેપારીઓ અને ઉદ્યોગ સાહસિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અને સ્વદેશી અભિયાન સાથે જોડવાનો છે.

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે આ સંમેલનના અધ્યક્ષ સ્થાને ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે અને મુખ્ય વકતા તરીકે સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહીને આત્મનિર્ભર ભારત વિષે માહિતી અને માર્ગદર્શન આપશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આપણે સૌ લોકલ માટે વોકલ બનીએ, ભારતને વૈશ્વિક બનાવીએ અને વૈશ્વિક નેતા નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાર્થક કરવા સૌ સાથે મળી પ્રયાસ કરીએ.

આ કાર્યક્રમમાં અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત જિલ્લા ભાજપના મહામંત્રીઓ મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસિયા અને પીઠાભાઈ નકુમ સહિત વેપાર ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહેશે.

જિલ્લા ભાજપ આત્મનિર્ભર સંકલ્પ અભિયાન અંતર્ગત વેપાર ઉદ્યોગ સંમેલનના સંયોજક સર્વ દિનેશભાઈ ભુવા, કેતનભાઈ સોની અને દિવ્યેશ વેકરિયાની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભારતને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે વેપારી મિત્રોઓનો ફાળો અમૂલ્ય હોય છે. આથી અમરેલી જિલ્લાના તમામ નાના–મોટા વેપારીઓ અને ઉદોગકારોને આ સંમેલનમાં સમયસર હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

# કોટડાપીઠા ગામે વિકાસ કાર્યોનું ધારાસભ્ય તળાવીયા દ્વારા ખાતમુહૂર્ત


તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૧૯

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે તા. ૧૮/૧૨ના રોજ આ વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ જિલ્લા પંચાયત કોટડાપીઠા સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળનાં વરદહસ્તે પ્રા.આ. કેન્દ્રની દીવાલ, સાધુ સમાજ તેમજ રાવળદેવ સમાજના સ્મશાનની દિવાલ, નવા કુવા વિસ્તારમાં બાકી સી.સી. રોડ તેમજ અન્ય કામોનાં ખાતમુર્હત કરવામાં આવેલ તેમજ ગેટથી તળાવ સુધી તેમજ પ્રા.આ. કેન્દ્રથી તળાવ સુધી પ્લોટ શાળા ખાતે મધ્યાહન ભોજન યોજનનો રોડ તેમજ અન્ય વિસ્તારની શેરીમાં બ્લોક રોડ તેમજ અન્ય કામોનાં લોકાર્પણ કરવામાં આવેલ હતા. આમ આ વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ દ્વારા સતત પ્રજાની વચ્ચે રહી વિકાસ કાર્યો કરી રહ્યા છે તેમજ બસ સ્ટેન્ડ પર રહેલ કોટડાપીઠા ગ્રામ પંચાયત કચેરી હાલ જર્જરીત હોય તે ગ્રામ પંચાયત કચેરી નવી બનાવવા માટે ગ્રાન્ટ મંજુર કરેલ છે. કોટડાપીઠા ગ્રામ પંચાયત સરપંચ સત્યજીભાઈ વાળા તેમજ ગ્રામ પંચાયતના ઉપસરપંચ તેમજ સદસ્યો દ્વારા વિકાસકામોમાં સહયોગ આપી રહ્યા છે.

### બાર એસોસિયેશનની ચુંટણીનું પરિણામ જાહેર

# અમરેલી વકીલ મંડળના પ્રમુખ તરીકે હિરેન્દ્રસિંહ વાળા, સેક્રેટરી તરીકે જે.આર. વાળા

### ઉપપ્રમુખપદે રીપલકુમાર હેલૈયા, પરશોત્તમભાઈ દાફડા

અમરેલી, તા.૧૯

અમરેલી બાર એસો.ની આજે યોજાયેલ ચુંટણીમાં પ્રમુખ તરીકે એડવોકેટ હિરેન્દ્રસિંહ વાળા, ઉપપ્રમુખપદે એડવોકેટ રીપલકુમાર હેલૈયા, વિજયી થયા હતા. જયારે ઉપપ્રમુખ (વહીવટી) તરીકે એડવોકેટ પરશોતમભાઈ દાફડા બિન હરીફ થયા હતા.

જયારે, સેક્રેટરી તરીકે એડવોકેટ જે.આર. વાળા વિજયી થયા હતા અને જોઈન્ટ સેક્રેટરી તરીકે એડવોકેટ રવજીભાઈ માધડ અને ખજાનચી તરીકે સુલતાનાબેન રફાઈ બિનહરીફ વિજેતા થયા છે.

### દેશનાં ગૌરવસમા સિંહોની ભૂખ મિટાવવા દોડધામ

# રાજુલાનાં મોટા આગરીયા ગામે રાત્રિનાં સમયે સિંહો અને પશુઓ વચ્ચે દોડધામ

### અનેક રહેણાંક વિસ્તારમાં સિંહોની અવરજવર વધી



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠા ઉપરાંત, ગીર વિસ્તારથી દૂર આવેલ અનેક ગ્રામ્ય વિસ્તારમાં તાજેતરમાં દેશનાં ગૌરવસમા સિંહોની અવરજવર વધી છે. સિંહો પેટની ભૂખ મિટાવવા માટે શિકાર કરવા રહેણાંક વિસ્તારમાં અવરજવર કરતાં હોય તેવા દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થઈ રહી છે.

ગતરાત્રિએ રાજુલાનાં મોટા આગરીયા ખાતે પાંચ જેટલા સિંહો શિકાર માટે આવી પહોંચતાં રખડતા પશુઓ અને સિંહો વચ્ચે દોડધામ મચ્યાનાં દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે.

### આગામી વર્ષ માટે કાર્ય કરશે

# બાબરા વકીલ મંડળનાં પ્રમુખ તરીકે પ્રતાપભાઈ ખાચરની બિનહરીફ વરણી

### વકીલો, મિત્રો દ્વારા શુભેચ્છા પાઠવાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૯

બાબરામાં વકીલ મંડળની બેઠક મળી હતી જેમાં વકીલ મંડળના પ્રમુખ એડવોકેટ વશરામભાઈ સુસરાની મુદત પૂર્ણ થતાં હાલ વકીલ મંડળમાં ઉપ પ્રમુખ તરીકે કાર્યરત એડવોકેટ પ્રતાપભાઈ ખાચરની પ્રમુખ તરીકે બેઠકમાં બિનહરીફ વરણી વકીલ મંડળ દ્વારા કરવામાં આવી હતી. તેમજ તેમની ઉપ પ્રમુખની ખાલી પડેલ જગ્યાએ એડવોકેટ કે.એમ. સોલંકીની નિયુકતી કરવામાં આવી હતી. આમ બંને વકીલ મિત્રોની બિન હરીફ વરણી થતા વકીલ મંડળના તમામ વિદ્વવાન વકીલ મિત્રો દ્વારા નવ નિયુકત હોદેદારોને શુભકામનાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય વર્તમાન વકીલ મંડળના અન્ય હોદેદારો રાબેતા મુજબના રહ્યા છે. જેમાં બીજા ઉપપ્રમુખ એડવોકેટ જગદીશ કારેટિયા, સેકેટરી એડવોકેટ રિષી રૂપારેલીયા, જોઈન્ટ સેક્રેટરી એડવોકેટ હરેશ મેવાડા સહિતના હોદેદારો યથાવત રહ્યાનું વકીલ મંડળ દ્વારા જણાવ્યું હતું.

### દિવસ-રાત હજારોની સંખ્યામાં વાહનોની અવરજવર

# બાબરામાં હાઈવે ઉપર આવેલ બેઠા પુલની રેલીંગ જર્જરીત બનતાં સ્થાનિકોમાં નારાજગી

### કોઈ ગંભીર અકસ્માતની ઘટના બને તો જવાબદારી કોની



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૯

બાબરામાં પસાર થતો રાજકોટ ભાવનગર સ્ટેટ હાઈવેરોડ પર નાળાની રેલીગ તૂટી પડતા નાળુ બન્યું રેલીગ વગરનું સ્થાનિક તંત્ર દ્વારા રેલિંગ બનાવવા આવે તેવી માંગ ઉઠી આ રેલીગ વગરના નાળા પાસે નીલકંઠ મહાદેવ, મંદિર શાળાઓ તેમજ સોસાયટી આવેલી હોવાથી રાહદારીઓને દિવસ પસાર થવામાં ગોઝારા અકસ્માતની ભીતિ સતાવે છે.

બાબરામાં પસાર થતો રાજકોટ ભાવનગર સ્ટેટ હાઈવેરોડ પર અહીં નીલકંઠ મહાદેવ મંદિર નજીક એક નાળાની રેલીગ ઘણા મહિનાઓથી તૂટી ગઈ છે પણ હજુ સુધી તંત્રના ધ્યાને આ બાબત આવી નથી રોડની મરામત કરતું તંત્ર ને શુ આ તૂટેલી રેલીગ નહિ જોવા મળી હોય ? દોઢ મહિનાથી સતત રજુઆત કરીએ છીએ છતાં તંત્ર સ્થળ નિરીક્ષણ કરવા આવતું નથી શુ કોઈ અકસ્માત સર્જાય બાદ તંત્રની આંખ ખૂલશે ? આવા સવાલ પણ સ્થાનિક લોકોમાંથી ઉઠવા પામ્યા છે હાલ તો તંત્રની બેદરકારી કહો કે આળસ આ નાળુ રેલીગ વગરનું જોવા મળી રહ્યું છે જેને તાત્કાલિક અસરથી નવી રેલીગ બનાવવા આવે તેવી માગણી રાહદારીઓ દ્વારા કરવામા આવી રહી છે.

રાજકોટ ભાવનગર સ્ટેટ હાઈવે રોડ પર જે જગ્યાએ આ નાળાની રેલીગ તૂટેલી આવેલ છે એ વિસ્તારમાં નીલકંઠ મહાદેવનું અતિ પૌરાણીક મંદિર આવેલું છે તેમજ મોટા ભાગના રહેણાંક વિસ્તાર આવેલો હોવાથી નિયમિત મંદિરમાં દર્શન કરવા આવતા ભાવિકો તેમજ આજ વિસ્તારમાં રહેતા લોકોની સતત અવરજવર રહે છે વળી આ નાળાથી સીધો માર્ગ અહીં મંદિર તરફ અને રહેણાંક તરફ જતો હોય છે ત્યારે ક્યારેક રેલીગ વગર સીધા ખાડામાં પડી જવાની ભીતી સતાવે છે રાત્રી વખતે ખૂબ જ લોકો સાવચેતી પૂર્વક અહીંથી પસાર થાય જો કોઈ ગંભીર અકસ્માત સર્જાસે તેવી લોકોમાં અને રાહદારીઓમાં સતત ભય રહેતો હોય છે તેમજ રાજકોટ ભાવનગર સ્ટેટ હાઈવે રોડ પરથી પસાર થતા વાહન ચાલકોને પણ રેલીંગ નજરે નહિ પડતા તેઓ સાવ રોડ પર આવીને વાહન ચલાવી નિકળી જાય છે જે ખૂબ જોખમ ભર્યુ છે.

ત્યારે માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને નેશનલ ઓથોરિટી દ્વારા કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પેહલા અહીં નાળાની તૂટેલી રેલીગ નવી કરવાની કાર્યવાહી કરવી જોઈએ તેવી રાહદારીઓ અને વાહન ચાલકોમાં માંગ ઉઠી છે.

### લાઠીનાં જાનબાઈ દેરડી ગામ નજીકથી

# ભારતીય બનાવટનાં પરપ્રાંતિય વિદેશી દારૂ સાથે એક આરોપીની અટકાયત

### કુલ રૂપિયા ૩.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત



અમરેલી, તા. ૧૯

લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. એસ.એમ. સોનીના માર્ગદશન હેઠળ પોલીસ સબ ઈન્સપે. કે.કે. પાંડવ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હોય. તે દરમ્યાન બાતમી મળેલ હોય કે એક સફેદ કલરની ફોર વ્હીલ નં. એમપી-૦૯ ડીજે-૯૨૨૪ માં ગેરકાયદેસર ભારતીય બનાવટનો આઈએમએફઆઈ વિદેશી દારૂ ભરેલ છે અને તે ગાડી ઢસા તરફથી ચાવંડ તરફ આવી રહેલ હોય. જે ગાડી જાનબાઈ દેરડી ગામ પાસેથી મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ રાજકોટનાં સરધાર ગામે ફનીફભાઈ મકવાણાની વાડીએ રહેતાં આરોપી ફુલસિંહ વાલસિંહ બામનીયા તથા એક બાળ કીશોરને ભારતીય બનાવટની લખેલ ૧૮૦ મી.લી.ની કુલ ૨૨૦ રીંગપેક બોટલ કુલ કિંમત રૂપિયા ૩૭,૪૦૦ તથા ફોર વ્હીલ ગાડી નં. એમપી-૦૯ ડીજે-૯૨૨૪ રૂા. ૩,૦૦,૦૦ મળી કુલ રૂપિયા ૩,૩૭,૪૦૦ના મુદામાલ સાથે પકડી પાડી લાઠી પોલીસ સ્ટેશનમાં કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

The Victorious Journey Begins...
MARUTI SUZUKI VICTORIS
PRICE STARTS AT 10.49 LAKHS
BOOK YOUR VICTORIS TODAY!
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો. સહન ન કરો. સારવાર કરાવો આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો. રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર - હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫, બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/- PF કાપવાપાત્ર રહેશે.
ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

Hero
DECEMBER DHAMAKA EXCHANGE OFFER
Premium Xtreme 160 ₹5000*
₹2500* Exchange Offer
*T & C Apply
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

# વિનોબાજીની અહિંસાનો ચમત્કાર – ૪

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

ઈ.સ. ૧૯૬૦માં વિનોબાજીની ભૂદાનયજ્ઞની યાત્રા ચાલતી હતી. ભારત ભ્રમણ થઈ રહ્યું હતું. છેલ્લા ત્રણ ઉપરાંત ચંબલના ડાકુઓને કઈ રીતે આત્મસમર્પણ કરવા પ્રેર્યા તેની વાત ચાલે છે. આવો આ ચોથા હપ્તામાં આગળ વાંચીએ.

૧૯૬૦ની ૧૭મેના રોજ મુરેનાના નગરા ગામમાં બાબાનો ઉતારો પડાય હતો. તે ડાકુ લાખનું સિંહનું ગામ હતું. એ ગામની દર્દનાક કહાની વિતકકથા સાંભળવા જેવી છે. ત્યાં ૨૩ યુવનો, જવાનોને ગોળીએ દેવામાં આવ્યા હતાં. તો પોલીસે પણ વળતાં પગલાં તરીકે કેટલાંક ડાકુઓને પણ ગોળીએ દીધાં. ચારે તરફ આંક્દ રોકકળ ને હાહાકારનું વાતાવરણ હતું. બાબાના સાથીઓ કાર્યકર્તાઓ સંદેશો દેવા જે ઘરે જતાં ત્યાં માત્ર રૂદન જ સંભળાતુ હતું. બધાં જ પરેશાનને દુઃખી હતાં. તે જો



કાર્યકર્તાઓનું હદય ભરાઈ આવતું. સાય પ્રાર્થના માટે બાબા જયારે મંચ ઉપર પધાર્યા ત્યારે ત્રણ ડાકુઓ પાતીરામ, શ્રીકિસન, મોહરમન આવી બાબાના ચરણસ્પર્શ કર્યા અને શસ્ત્ર સમર્પણ કરી દઢતાથી બોલ્યા, ‘‘અત્યાર સુધી અમે જે ખોટું કામ કર્યુ છે એને માટે અમને દુઃખ છે. હવે પછી કાંઈ ખોટું કામ કરી નહીં.’’

થોડીવાર બાબા આંખો બંધ કરી મૌન બેસી રહ્યાં. પછી બોલ્યા ભાઈઓ આ ભાઈઓથી જે ખોટાં કામ થયા છે એને માટે તેમને ઉચિત સજા મળવી જોઈએ. પણ પોલીસને પણ ભલામણ કરૂ છું. કે એ ડાકુઓનાં પરિવારને પરેશાન કરવામાં ન આવે. ક્ષમા કહેવાવાળા તો ઈશ્વર છે. અહિં દેડથી બચી પણ જશે તો પણ ઈશ્વર તેમને ક્ષમા નહિ કરે. અને બીજું કે જો આ ભાઈઓને (ડાકુઓને) ખરા અર્થમાં પશ્ચાતાપ થયો હોય તે તેમને ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે તેમણે જે ખોટાં કામો કર્યા છે તે હવે પછી નહિં કરે. આવા વિરલ આત્મસમર્પણ પછી ઉપસ્થિત લોકોએ પુછયું બાબા શું આપનું આ મિશન સફળ થશે ?

બાબા મકકમતાથી જવાબ દેતા જુઓ આ કોઈ મારૂ મિશન નથી. આ તો ભગવાનનું મિશન છે. સફળ થાય કે અસફળ તેની ચિંતા મારે શા માટે કરવી જોઈએ. મારૂ મિશન તો ત્યારે સફળ થયું ગણાશે. જયારે મારા દિલમાં સત્ય–પ્રેમ, કરૂણા એટલી ભરાઈ જાય કે શરીર તૂટીને પડી જાય. શું આ બધું મારે લીધે થયું છે ? નહિ. શું મારા સાથીઓના પ્રયત્નોથી થયું છે ! કે આ ડાકુઓ પોતાનાં કષ્ટોથી તંગ આવી શરણે આવ્યા છે નહિ. ભગવાનનો હું ઉપકાર માનું છુ કે એમણે (ઈશ્વરે) એમનું હદય પરિવર્તન કરી આવી સદ્‌બુદ્દિ આપી. બીજે દિવસે એટલે કે ૧૮મી મેએ બાબા ગામની પ્રદક્ષિણા કરવા નીકળ્યા. દરેક ઘરોમાં જઈ પરિવારો પાસેથી ડાકુઓના અત્યાચારની વાતો સાંભળી. કેટલાક પરિવારોનાં સ્વજનોને ગોળીએ દેવામાં આવેલ. તો કેટલાંક ઘરોમાં કાચી દીવાલોમાં ગોળીઓનાં નિશાન જોવા મળેલ.

પ્રદક્ષિણા કરી બાબા જેવા પાછા ફર્યા તો લોકોએ દેકારો કરી મૂકયો. ડાકુ આવ્યો, લચ્છી પંડિત આવ્યો. અને એવા ખૂનખાર ડાકુને જેવા લોકોની ભીડ જામી ગયેલી. બાબાના સાથી રામ–ઔતાર પૂરી હિંમત અને તાકાતથી ભીડને કાબૂમાં લેવાનાં પ્રયત્નો કરી રહ્યાં હતાં. ડાકુએ ખાદીનાં કપડાં પહેરી બાબાના ચરણોમાં બેસી બાબાના સ્વયંસેવક બની ગયા. લોકો બાબાના ગીતા પ્રવચનોથી બુક ખરીદતાં હતાં. તો ડાકુ લચ્છી પંડિતે પણ પુસ્તક ખરીદ કરી બાબાના હસ્તાક્ષર લીધા. તે દોડીદોડીને વ્યવસ્થામાં લાગી ગયો. લચ્છી પંડિત તેની સાથે પોતાના સાથી પરણુ મા, પત્ની અને નાનકડી દીકરીને પણ સાથે લાવી બાબાની સામે બેસી ગયો. એટલું જ નહિ પણ બાબાને હિંમત પૂર્વક પોતાની કહાની સંભળાવવા લાગ્યો. બાબા હું મુંબઈ હતો. વર્તમાનપત્રોમાં આપના વિશે રોજ વાંચતો હતો કે ચંબલના અડાઓમાં બાબા વિનોબા આવ્યા છે. અને ગામડે ગામડે ડાકુઓને સમજાવી રહ્યાં હતાં કે ખોટાં કામ છોડી દો. તમારી ભૂલ કબુલ કરો તો તમારો આવતો ભવ સુધરી જશે. અને મને પણ અંદરથી પ્રેરણા થઈ કે હું પણ બાબાના ચરણોમાં બેસી પશ્વાતાપ કરૂં. (ક્રમશઃ)

# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ



# બાલ એકસપ્રેસ


## ૧૭ વર્ષમાં ‘‘અમરેલી એકસપ્રેસ’’ના મંગળ પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક સમાચાર ૧૬ માં વર્ષ પૂર્ણ થતા ૧૭ માં વર્ષમાં પ્રસ્થાપિત કરેલ કિર્તીમાનના ઉપરલક્ષ્યમાં બાલ એકસપ્રેસનાં તમમ બાળકો, વાંચકો, હિતેચ્છુઓ, વાર્તા રે વાર્તાના બાળ લેખકો અને સંપાદક શ્રી રવજીભાઈ કાચા (સાહેબ)ના ઝાઝા કરીને, ખોબલે ખોબલે તંત્રી શ્રી મનોજભાઈ રૂપારેલ તથા શ્રી મિલાપભાઈ રૂપારેલ અને તેમની સમગ્ર ટીમને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ...

**‘‘ મંગલમ્ ભવતુ’’**

જે કોઈ નિષ્ઠાપૂર્વક પુરૂષાર્થ કરે છે, સત્યના સુદર્શન ચક્રની માફક લોકોનો અવાજ, વાત ઘર-ઘર સુધી પહોંચાડનારૂ ‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક સમાચાર કટીબધ્ધ છે અને રહેશે...

છેલ્લા ૭-૮ વર્ષથી એક નવો ચીલો અમરેલી એકસપ્રેસે પડ્યો છે. તે એક કે, સાહિત્ય, બાળપૂર્તિ, ધર્મ, ચલચિત્રો, લોકસાહિત્ય વિગેરેને સ્થાપી આપી સૌનું ચહિતુ વર્તમાનપત્ર બની ચુકયુ છે. મારા અનુભવથી કહી શકું કે છેલ્લા 10 વર્ષમાં અસંખ્ય લેખકો, કવિઓ, વિચારકો, કોલમિસ્ટોને પ્લેટફોર્મ આપવામાં અમરેલી એકસપ્રેસ અગ્રસ્થાને છે. નિષ્પક્ષતા અને કોઈપણ વર્તમાનપત્રનો મુદ્દાલેખો હો તો જોઈએ જે અમરેલી એકસપ્રેસને છે. અંતમાં ..... બાલ એકસપ્રેસ વતી ખુબ ખુબ ધન્યવાદ અને શુભેકામનાઓ...



**શ્રી મનોજભાઈ રૂપારેલીયા**
**તંત્રીશ્રી**
**અમરેલી એકસપ્રેસ**
**અમરેલી**



**શ્રી રવજીભાઈ કાચા (સાહેબ)**
**સંપાદકશ્રી**
**બાલ એકસપ્રેસ**
**અમરેલી**








# ગર્વખંડન

સંસ્કાર ગાથા
શ્રી ગિજુભાઈ ભરાડ — પૂ.શ્રી મુક્તાનંદ બાપુ

એક મહાન તપસ્વી બ્રાહ્મણ હતા. જાજીલ એમનું નામ. વય થતાં તેમણે વાનપ્રસ્થાશ્રમ ધર્મનું પાલન કર્યું. હવે તેઓ વાયુ પર જીવતા હતા.કઠોર તપ કરતા હતા. એમને જડ જોઈને પંખીઓએ માની લીધું કે એ કોઈ વૃક્ષ છે. એમની જટામાં માળા બાંધ્યા. આ દયાળુ મહર્ષિ તો ચૂપચાપ ઊભા જ રહ્યા. પંખીઓના ઈંડામાંથી બચ્ચો બહાર આવ્યા. હવે તો એ આકાશમાં ઊડવા લાગ્યાં.લગભગ એકાદ મહિના પછી પંખીઓ માળામાં પાછા ફર્યાં. આથી જાજલિ થોડું હલ્યા. એમને પોતાના તપનું અભિમાન જાગ્યું. પોતાની જાતને તેઓ સિદ્ધ–મહાત્મા માનવા લાગ્યા.બરાબર, એ વખતે આકાશવાણી થઈ :'જાજલિ, તું ગર્વ ન કર. કાશીમાં રહેનાર વણિક તુલાધાર સમાન તું સિદ્ધ નથી.'જાજલિને તો ખૂબ આશ્ચર્ય થયું. તેઓ એ જ વખતે કાશી તરફ ચાલી નીકળ્યા. ત્યાં જઈને જોયું, તો તુલાધાર તો એક સામાન્ય દુકાનદાર હતો. જાજીલને જોતાં જ વણિક ઊઠ્યો, તપસ્વી બ્રાહ્મણને પ્રણામ કર્યા. પછી એ તુલાધાર બ્રાહ્મણના તપની પ્રશંસા કરવા લાગ્યો. વાતમાં ને વાતમાં એ તુલાધારે કહ્યું કે એને આકાશવાણીની પણ જાણ છે !જાજલિને ખૂબ નવાઈ લાગી ! એમને થયું એક સામાન્ય વેપારી એનાં તપ વિશે જાણે છે ને એમને માટેની આકાશવાણીની વાત પણ જાણે છે !એમણે આશ્ચર્યથી પૂછ્યું :'તું તો એક સામાન્ય વણિક છે. તને આ પ્રકારનું જ્ઞાન શી રીતે થયું ?'તુલાધારે ખૂબ જ નમ્રતાથી કહ્યું :હે બ્રાહ્મણ 'હું વર્ણોચિત ધર્મનું સાવધાનીથી પાલન કરૂં છું. હું નથી મધ વેચતો કે નથી કોઈ નિંદા કરવા યોગ્ય પદાર્થ વેચતો.મારા કોઈ પણ ગ્રાહકને હું ઠગતો નથી. ગ્રાહક ઘરડો હોય, બાળક હોય કે અબુધ નારી, એ ભાવથી અજાણ હોય : તો પણ હું ભાવ મુજબ ચીજ–વસ્તુઓ આપું છું. ચીજ વસ્તુમાં ક્યારેય ભેળસેળ કરતો નથી. ગ્રાહકની મુશ્કેલીઓનો ગેરફાયદો ઊઠાવતો નથી.'' પણ આવું તો લગભગ બધાં જ વેપારીઓ કરે. આવા નીતિનિયમોનું પાલન શું તું એક જ કરે છે ?''વેપાર કરવામાં નીતિનિયમોને કોરાણે મૂકવા પડે. વેપારી એટલે વેપારી, હું તો આ હાટડીએ વેપાર કરવા નથી બેઠો. હું તો સેવા કરવા બેઠો છું. આ વાતને હું હંમેશાં યાદ રાખું છું. ગ્રાહકોના લાભ અને એમના હિત જળવાય, એ જ મારો ધર્મ છે; એમ માનું છું !'તુલાધારે જોયું કે એની વાતની ઠીકઠીક અસર તપસ્વી બાહ્મણ પર થઈ છે. પછી એણે કહ્યું : હું રાગદ્વેષ અને લોભથી દૂર રહું છું. મારાથી બને એટલું દાન કરૂં છું. અતિથિઓની શક્ય તેટલી સેવા પણ હું જાતે જ કરૂ છું. હિંસા વિનાના કામને જ પસંદ કરૂં છું.'

'શું આટલી વાતોનું પાલન, એ કઠોર તપસ્યા કરતાં પણ વધુ છે ? તું જાણે છે કે મેં કઠોરમાં કઠોર તપ કરેલું.'

'હે બ્રાહ્મણ ! કોઈ પણ માણસ તપ કરે છે, એ પોતાની જાત માટે કરે છે. એ પોતાના આત્માની ઉન્નતિ માટે તપ કરે છે. એમાં પરહિતની વાત જ નથી. સંસારથી ભાગીને વનમાં જવાથી કદાચ પોતાનું કલ્યાણ થતું હશે, પણ પારકાનું કલ્યાણ તમે કેટલું કર્યું ? પરહિતનો વિચાર પણ કર્યો તમે ?'બાહ્મણે જવાબ ન દીધો. તુલાધારે કહ્યું :'બધી કામનાઓનો ત્યાગ કરીને બધાં જીવને હું એક સરખી નજરે જોઉં છું. સેના હિત માટે જ કામ કરૂં છું.'જાજલિને મહાત્મા તુલાધારે આ રીતે ઉપદેશ આપ્યો. એમણે સમજાવ્યું કે હિંસાવાળા યજ્ઞોનું પરિણામ અનર્થકારી જ આવે !વળી આવા યજ્ઞોમાં ભૂલો થવાની સંભાવના વધુ. જીવને દુઃખ દેવાથી માણસને ક્યારેય સુખ અને પરલોકમાં મંગળ પ્રાપ્ત ન થાય. છેવટે તુલાધારે કહ્યું :'અહિંસા જ ઉત્તમ ધર્મ છે.'જાજલિ તુલાધારનો ઉપદેશ ગ્રહણ કરીને પાછા ફર્યા. હવે જે પંખીઓ જાજલિની જટામાં પેદાં થયા હતા, એ પાછાં કર્યા. એમણે તુલાધારે ચીંધેલા ધર્મનું જ પાલન કર્યુ.તુલાધારના ઉપદેશથી જાજલિનો ગર્વ નાશ પામ્યો !

# મોર અને ઢેલ

બાલ કથાઓ
ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)

એક હતો મોર અને એક હતી ઢેલ. બેઉ જણાં ચરતાં હતાં. ત્યાં એક ખેરો આવ્યો. ખેરોને જોઈને ઢેલ કહે – હું વિયાઉં જાળામાં,મારે કોની બીક,મારે તો ઘણો રૂપાળો,પણ ખેરો મારે ઠીક.એમ કહી ઢેલ તો ખેરા સાથે ચાલી નીકળી. મોર તો ખૂબ ખિજાઈ ગયો. મોર કહે પંખજાત ભેળી કરૂં અને દાદ માગું.મોર તો ચાલ્યો. મારગમાં એક લલેડું મળ્યું. લલેડું કહે – મોરભાઈ, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ? મોર કહે – આ ઢેલ ખેરાને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે. આવો છો ને ?લલેડું કહે –અમે લવલવ કર્યાકરીએ,ભૂરો અમારો વાન,આ ઢેલ ગઈ છે ખેરાને,તે દીનું કોણે ખાધું છે ધાન ?એમ કહી લલેડું તો ન આવ્યું. મોર તો અધરોક ચાલ્યો ત્યાં સુઘરો મળ્યો. સુઘરો કહે – મોરભાઈ, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ?મોર કહે – આ ઢેલ ખેરાને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે. તમેય સાથે આવો છો ને ?સુઘરો કહે –અમે સુઘરા કહેવાઈએ,અમારી જેવું કેણેય ન થાય,ઘરની બાયડી જાપતામાં રાખીએ,તો બીજાને શું જાય ?એટલે હું તો કાંઈ આવતો નથી.મોર તો બિચારો વીલે મોઢે આગળ ચાલ્યો. રસ્તામાં તેતર મળ્યું. તેતર કહે મોરભાઈ, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ! મોર કહે – આ ઢેલ ખેરાને લઈને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે. તમે કજિયો પતાવવા આવો છો ને ?તેતર કહે –અમે તેતર કહેવાઈએ, અમારી ડાકે મગન,મોરભાઈ ! હું કંઈ નવરો નથી,મારે દીકરાનાં આવ્યાં છે લગન.મોરભાઈ તો ત્યાંથી બગલાભાઈ પાસે પહોંચ્યા. બગલો કહે – કાં, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ? મોર કહે આ ઢેલ બેરાને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે. ભાઈ ! જરા આવી જશો ?બગલો કહે –અમે બગલા કહેવાઈએ, અમારી ડાકે ફશત,તમારા કજિયામાં તમે સમજો,અમે કજિયાના રાંક.મોર કહે – ચાલ ને હવે બાજ પાસે જાઉં, એ કજિયો પતાવશે.ત્યાં તો રસ્તામાં જ બાજ મળ્યો. બાજ કહે–મોરભાઈ, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ?મોર કહે – આ ઢેલ ખેરાને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે. માળું કોઈ આવતું નથી. બાજભાઈ તમે આવશો ?બાજ કહે –અમે બાજ કહેવાઈએ,

મારૂં માથું બોડું પંખજાતની સરકાર રજા આપે,તો ખેરાનું માથું તોડું.મોર તો રાજી રાજી થઈ ગયો. મોર તો બાજને લઈને તેતર, સુઘરો, લલેડું – બધાં પાસે ગયો. પંખજાતની નાત ભેળી થઈ. બાજને બધાંએ હુકમ કર્યો એટલે બાજે ખેરાને કાન પકડીને હાજર કર્યો.બધાં કહે – એલા ખેરા ! આ મોરને એની ઢેલ આપી દે.ખેરો કહે – ઊંહું ! બધાં કહે – બાજ ! આ મોરને એની ઢેલ અપાવી દે.બાજ કહે – હું બાજ કહેવાઉં,

મારૂં માથું બોડું,
ઢેલ આપી દે મોરને,
નહિતર તારૂ માથું ફોડું.

એમ કહી બાજ તો ખેરા વાંસે દોડ્યો. ખેરો કહે ભાઈસા'બ ! લે હું ઢેલ આપી દઉં છું. પછી તો નાત બધી ગઈ, ને મોરને ઢેલ મળી ગઈ.

# વિરોધી બળોનો સમન્વય


**રામનારાયણ વિ. પાઠક**

ગાંધી–ગંગા
(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

જીવનનો એવો એક પણ પ્રદેશ નથી, એવો એક પણ પ્રશ્ન નથી જેમાં ગાંધીજીએ કંઈ ને કંઈ ન કર્યુ હોય. જેમ સૂર્ય ઊગે અને ખુલ્લામાં તો અજવાળું થાય, પણ બંધ બારણામાં પણ પ્રકાશ પ્રવેશે, તડોમાં પણ અજવાળું પહોંચે તેમ તેમણે પ્રેરેલું ચેતન સમાજના અંધારામાં અંધારા ભાગમાં પણ પહોંચ્યું છે. તેમણે પ્રશ્નો વિચાર્યા જ નથી, ઊભા નહોતા થતા ત્યાંથી ઊભા કર્યા છે. તેમનામાં અનેક વિરોધી બળોનો સમન્વય થયો છે. ક્રાંતિકાર છતાં તે પ્રાચીનતાને માટે આદર ધરાવે છે. મૃદુ છતાં હઠીલા છે. આગ્રહી છતાં છૂટછાટ મૂકનાર છે. પ્રેમાળ છતાં ભીષણ છે. ભીષણતાનાં તેમનાં એક બે વાક્યો કદી ન વીસરાય એવાં છે. તેમણે એક વાર કહેલું કે આખો દેશ આવી પામર દશામાં પડ્યો રહે તે કરતાં તેનો પૃથ્વી પરથી નાશ થઈ જાય એ હું વધારે ઈચ્છું. બીજે એક પ્રસંગે કહેલું કે સ્ત્રી, પુરૂષોની વિષયવૃત્તિની સાધનભૂત થાય તે કરતાં માનવજાતિની સંતતિ બંધ પડે એ હું પસંદ કરૂં. સમય આવે અને હિંદમાં મોટા પાયા ઉપર સત્યાગ્રહ શરૂ થાય અને હજારો જુવાનો અકથ્ય દુખમાં અને મૃત્યુમુખમાં હોમાતા જુએ તોપણ એમની આંખમાં આંસુ ન આવે એ હું કલ્પી શકું છું. તેઓ મને મનુષ્યના કરતાં ગૂઢ કુદરતી બળ જેવા લાગે છે. કુદરત એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ, માત્ર સૂક્ષ્મદર્શક યંત્રથી દેખી શકાય તેવા રેસાને કે જંતુને રસ પોષે છે, અને એ જ કુદરત આપણને અગમ્ય કોઈ હેતુને માટે દરિયા ઉછાળે છે, પર્વતો તોડે છે, દેશના દેશ ઉપ્રવસ્ત કરે છે. ગાંધીજી એવી રીતે એક જંતુની અને પામરમાં પામર મનુષ્યની સેવા કરવા માંડે અને હજારોનો નાશ પણ કરે. કુદરત એક નમૂનો સિદ્ધ કરવા અસંખ્ય વ્યકિતઓને ક્રૂર રીતે મારે છે, ગાંધીજી એક સત્યસિદ્ધ કરવા ગમે તેટલો ભોગ આપવા તૈયાર છે. ખુલ્લામાં ખુલ્લા અને નિખાલસ છતાં, તેમના આત્મગહનમાંથી સ્ફુરતાં બળો કુદરત જેવાં ગૂઢ છે, અકલ છે, અમેય છે, અપ્રતિરૂધ્ધ છે.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો

બાલ એક્સપ્રેસ
પ્રિન્સીપાલ/ટ્રસ્ટી
શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કૂલ
શ્રી જ્ઞાનાયતન સ્કૂલ-અમરેલી



# જ્ઞાનમંજરી

**વૈશ્વિક યાત્રા**

(૧) ખોખોની રમતમાં કેટલા ખેલાડીઓ હોય છે ? – ૯

(૨) ખોખોની રમતમાં બંને ખૂંટ વચ્ચે કેટલું અંતર – ૨૩.૫૦ મ. હોય છે ?

(૩) ખોખોની રમતના મેદાનની લંબાઈ–પહોળાઈ કેટલી હોય છે ? – ૧૧ મીટર લંબાઈ, ૮ મીટર પહોળાઈ

(૪) ક્રિકેટની રમતમાં દડાનું વજન કેટલું હોય છે ? – ૧૫૬ થી ૧૬૩ ગ્રામ

(૫) ક્રિકેટની રમતમાં પીચના માપની લંબાઈ–પહોંળાઈ કેટલી હોય છે ? – ૨૦.૨૨ મીટર લંબાઈ, ૩.૦૫ મીટર પહોળાઈ

(૬) ક્રિકેટની રમતમાં બેટની લંબાઈ–પહોંળાઈ કેટલી હોય છે ? – ૯૬.૪ સે.મી. લંબાઈ, ૧૦.૮ સેમી પહોળાઈ

(૭) ફૂટબોલની રમતમાં પ્રત્યેક ટૂકડીમાં S[8,F B[,F0LVM CMI K[? – ૧૧

(૮) ફૂટબોલના મેદાનની લંબાઈ – પહોળાઈ કેટલી હોય છે ? – ૯૦ થી ૧૨૦ મીટર લંબાઈ ૪૫ થી ૯૦ મીટર પહોળાઈ

(૯) ફુટબો,DF\ UM, :T\EGL ëRF. S[8,L CMI છે ? – ૨.૪૪ મીટર

(૧૦) ફૂટબોલના દડાનું વજન કેટલુ હોય છે ? – ૩૯૬ થી ૪૫૩ ગ્રામ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ટાણે જાગે તે માણે, બાકીના નિંદરૂ તાણે !

રોજ સવારે સૃષ્ટિનો સર્જનહાર અજબ ચમત્કાર સર્જે છે... રોજે રોજ. પ્હો ફાટે, પરોઢ ઊઘડે ને સોનેરી સુર્યનું આગમન સૃષ્ટિનું પરમ વિસ્મય છે. પક્ષીઓ પ્રભાતિયાં ગાતાં હોય, પ્રકૃતિના આ પરમ પ્રસન્ન વૈભવની અલૌકિક ક્ષણોને માણવા 'જાગી જવું' પડે. એ.સી. કમરો છોડવો પડે.

## ઓળખતા આયુષ્ય વીતે : સ્વપ્રતિભા

જ્ઞાનજ્યોતિ
શ્રી ગિજુભાઈ ભરાડ

વિશાળ જંગલની વચ્ચે સમજણ આવી ત્યારથી દરેક મનુષ્યે જે નાનકડા છોડનું સતત સિંચન કરીને એણે વિરાટ વટવૃક્ષ બનાવવાનું છે તે છે સ્વપ્રતિભા. જેમ સિંચન કર્યા વિનાનું વૃક્ષ સુકાઈ જાય છે અને ઋતુઓ અને પ્રાણીઓ સામે યોગ્ય રક્ષણ આપવામાં ન આવે તો લઘુક વયનો છોડ કરમાઈ જાય છે તેમ સ્વપ્રતિભા યોગ્ય સંભાળના અભાવે મુરઝાઈ જાય છે. શરૂઆતમાં જેના ઉછેરની જવાબદારી મનુષ્યના શારીરિક ઉછેર સાથે માતા–પિતા અને શિક્ષકોની છે તેમ આગળ વધતી ઉંમરમાં એ જવાબદારી ધીરે ધીરે પોતાની પાસે આવી જાય છે. સંગીતમાં રસ હોય, દષ્ટિ હોય, ગાયન કે વાદનમાં ચિત્ત એકાગ્ર થઈ જતું હોય છતાં જેઓ સંગીત માટે રિયાઝ કરતા નથી તેમની પ્રતિભા એક્ષેત્રમાં કદી પણ પાંગરતી નથી. પ્રતિભાનો વિકાસ સ્વાધ્યાયથી એટલે કે રિયાઝથી થાય છે, કોઈ ઈલમ કે આર્શીવાદ નહિ. હા, ગુરૂજનોની શુભેચ્છાઓ, સ્વીકૃતિ, પ્રશંસા અને પુરસ્કૃતિ એ પ્રતિભામાં જરૂર પ્રાણ સંચાર કરે છે. પરંતુ એક પ્રતિભાનું માત્ર જીવિત હોવું અને બીજી પ્રતિભાનું પૂર્ણ ચંદ્ર જેવું સોળે કળાએ વિકસિત હોવું એમાં આસમાન જમીનનો તફાવત છે. સંસારના વિવિધ અને જટિલ કાર્યક્ષેત્રોમાં પોતાની જાતને ગૂંચવી દેનારા લોકોથી આ જગત છલોછલ છે અને તેમાંથી કેટલાક જ સ્વપ્રતિભા માટેનો અખંડ યજ્ઞ આદરીને નિશ્ચિત પ્રતિષ્ઠા અને પછી સર્વસ્વ પ્રાપ્ત કરે છે. બાકીનાઓને તો સ્વપ્રતિભાનો પરિચય થવામાં જ આયુષ્ય વીતી જાય છે.

# બાપુ, આજથી આ બધું ભાઈનું ! મારૂ કાંઈ નહીં !

દીકરી વ્હાલનો દરીયો
લેખકશ્રી બલદેવભાઈ ઓઝા

દીકરી સાત સમુંદર પાર જાય તો પણ બાપના ઘરનો અધિકાર લઈને જાય છે. દીકરી અધિકાર છોડીને જાય છે. કન્યા વિદાય વેળા ઘરની દીવાલ પર કન્યાના દસ આંગળાની છાપ આપવાનો રિવાજ છે. લોકો કથાકારો આનો અર્થ આવો કરે છે :

કાળજાના કટકાને વિદાય આપતી વેળા થર થર કાંપતા માવતરને દીકરી ભરોસો આપે છે..

"બાપુ ! આ દુનિયાનાં કાયદા ગમે તે કહે, આ ઘરબાર, આ વાડી વજીફા, આજથી આપણું બધું જ મારા ભાઈનું ! મારૂ કાંઈ નહીં. એક નહીં પણ દસ દસ આંગળાની છાપ આપીને સાક્ષી પુરૂં છું કે, આમાનું મારે કાંઈ જ ના ખપે ! મને ભૂલતા નહીં બસ !"

# આ નવી રમત જાણી મિત્રો સાથે રમજો

તમે બાસ્કેટ–બોલની રમત વિશે તો જાણો છો. નાનકડા એક મેદાનને સામ – સામે છેડે, ઠીક ઠીક ઊંચે જાળીની રચના હોય છે, જેનો આકાર છાબડી (બકેટ) જેવો હોય છે. બે ટીમના રમનારાઓ એકબીજાની છાબડીમાં વધારેમાં વધારે બોલ (દડા) નાખવાની સ્પર્ધા કરે છે.પરંતુ આવું મેદાન ન હોય, આવી છાબડીઓ ન હોય ત્યારે ઘરઆંગણે બે ભાઈબહેન આવી જ રમત રમવા માગતાં હોય તો શું કરવું ? જવાબ સહેલો છે. પ્લાસ્ટિકની એક ડોલ (બકેટ) લો, એક હળવો બોલ લો. (ટેનિસ, બોલ કે પ્લાસ્ટિક બોલ) રમનારનાં સ્થાન નક્કી કરો. પછી એક રમનાર ડોલ ઊંચી ધરી રાખે. સામેથી બીજા રમનારે દડો એ ડોલમાં નાખવાનો. એને આમ દસ દડા નાખવા મળે. કેટલા દડા ડોલમાં ગયા એની ગણતરી થાય.પછી બીજા રમનારે દડા નાખવાના,જેના વધારે દડા ડોલમાં ગયા હોય તે જીતે.



આ રમતને વધુ અઘરી અને વધુ રસભરી બનાવવા માટે એક ફરક કરો. દડો નાખનારે ડોલ ધરનાર તરફ પીઠ રાખીને, પોતાની પાછળ દડો ફેંકવાનો. આવી રીતે રમવામાં દડો ફેંકનારની બરાબરની કસોટી થશે. મજા આવશે ને ?


# વાહ ! બહાદુરી – નટવર ગોહેલ

બે મિત્ર એક છે સોનુ. બીજો છે ચંદન સાથે રહે, સાથે ફરે ભણવા પણ સાથે જાય. મસ્તીમાં આવી જાય તો વર્ગખંડમાં જવાના બદલે સીમશેઠે ફરવા નીકળી જાય, કા નદીમાં ધુબકા મારે.

સોનુ મોટો છે.ચંદન નાનો છે.બંને મિત્રો એકબીજા વગર રહે નહીં. કોઈ નવી વાનગી ઘરમાં બની હોય. તો પરસ્પરને આપીને જમવા બેસે. બંને ભાઈબંધો એકદમ હસમુખા છે સાહસવૃત્તિ પણ ખરી કોઈની તમા રાખે નહીં. દિવાળીનું વેકેશન આવ્યું.સોનુના મામાનો કાગળ આવ્યો, સોનુના પપ્પાએ કાગળ વાંચ્યો. મામા સોનુને તેડાવતા હતા. લખ્યું હતું. સોનુ. ભલે ગામડે આવે, બે ત્રણ દિ' રહેશે અને હાકલા કરશે.સોનુ કહે: પપ્પા !પપ્પા કહે : હં...

સોનુ કહે : હું કંઈ એકલી મામાને ગામ નથી જવાનો મારી સાથે ચંદન પણ આવશે. મને એકલાને લગીરે મજાનાં પડે.પપ્પા હસ્યા.સોનુ કહે : કાં ?પપ્પા કહે : 'અલ્યા ટાબરિયા, હુંયે સમજું છું કે તને ચંદન વિના નહીં ફાવે. તું તૈયાર થા. ચંદનને પણ તૈયાર કર. સાથે લઈ જાવ, પૂરીઓ અને ઢેબરો, ખમણ અને પાતરાં, વળી સાથે લાડવા લઈ જવાનું ભૂલતો નહીં. લાડુ તો તારા મામાની મનગમતી વસ્તુ છે ભાઈ !'ઠીક મારા ભાઈ !માંડયા તૈયારી કરવા.ચંદન ખુશ હતો.સોનુનો ચહેરો હસુહસુ રહ્યો હતો. સોનુ–ચંદન નીકળી પડ્યા. ગાડીએ બેડા આવ્યા મામાના ગામ. મામા ખુશ, મામી પણ ખુશ.સોનુ હસે છે. ચંદન પણ હરી છે. બંને હરે છે, ફરે છે, મોજ કરે છે. મામીના નાથની વાનગીઓ ખાય છે અને તડાકા કરે છે.સવારમાં જ મામી પૂછે : સોનુ !સોનું તરત કહે : જી હા, મામી !મામી કહે : શું જમશો ?સોન કહે : દાળ ભાત ને શાક.ચંદન કહે : ખમણ અને રાયતુમામા કહે : અલ્યા છોકરાઓ ! જો જો હો જરાયે શરમાતા નહીંસોનુ કહે : અમે શરમાઈએ તેવા નથી !ચંદન કહે : જેવો હું તેવો સોનુ !


સોનુના મામા પોલીસ ઈન્સ્પેક્ટર છે. ઘણા બાહોશ અને હિંમતવાન છે. અનેક પરાક્રમો એમણે કર્યા છે. પોલીસ ખાતું તેમના નામથી ગૌરવ અનુભવે છે.મામાએ એક વાર ખાખી વરદી ધારણ કરતાં સોનુ–ચંદનને કહેલું : અલ્યા ઝિંકરાઓ હરજો, ફરજો ખાજો. પીજો અને જલસા કરજો. પરંતુ જરાયે તોફાન નહીં ચાલે. બિલકુલ ધીંગામસ્તી ચલાવી લેવાશે નહીં.મામાએ વળી કહ્યું : છોકરાઓ, તમે શાંતિથી રહેશો તો. તમને મનગમતું મોટું ઈનામ આપવામાં આવશે.સોનું કહે : શું આપશો ?ચંદન કહે : અમને કહો !મામા કહે ? હમણાં નહીં, તમે જયારે અહીંથી જશો ત્યારે તમને તમારૂં પા. ઈનામ મળી જશે.ત્યાં તો મામી વચ્ચે કૂદી પડ્યાં : તમે આ ટાબરિવાઓને કમ ના સમજતા; તમે એમને મોટું ઈનામ આપશો કે એ તમને ઈનામ આપશે તેની ખબર પછીથી પડશે.આ રીતે દિવસો પસાર થવા માંડ્યા. એક દિવસ સાંજના સમયે સોનુ અને ચંદન ફરવા નીકળ્યા. નદી કિનારી પસાર કરીને આગળ વધ્યા. હવે વગડો આવ્યો. દૂર ક્ષિતિજે સૂરજ ડૂબતો હતો. સોનુ અને ચંદન સૂરજને નિહાળતા આગળ વધી ત્યાં વધી ગયા.ત્યાં એક ખંડેર આવ્યું.સોનુ કહે : કેટલું મોટું – જર્જરિત આ ખંડેર છે નહીં !ચંદન કહે : કોઈ રાજાએ બંધાવેલું ભવ્ય મકાન ખંડેરમાં પરિવર્તન પામ્યું છે.સોનુ કહે : ચાલો અંદર ઊતરીએ.પગથિયાં તરફ બંને આગળ વધ્યા. પગથિયા ચડીને જયાં મુખ્ય હાલમાં પ્રવેશવા કદમ ઉઠાવ્યા કે અવાજ સંભળાયો.'આપણે શેઠ ગિરધારીનું અપહરણ કરીશું તો ઘણા રૂપિયા મળશે.''શેઠ પાસે ઘણા રૂપિયા છે.''આ રીતે આપણે પૈસા એકઠા કરીને ત્રાસવાદને વધારે વેગ આપીશું...?''કાલે સાંજે



હવેલીમાં પહોંચી જઈશું, કોઈને ખબર પડશે નહીં.''ના, એમ નહીં ! શિવ મંદિરે શેઠ આવે છે. સાંજના ઝાલર આરતી ટાણે આવે ત્યારે રસ્તાના વળાંકે અપહરણ કરી ગાડીમાં બેસાડી દઈશું.'સોનુ અને ચંદને એકબીજાના કાનમાં કંઈક કહ્યું. તેઓ દોડતા પાછા આવ્યા. પોલીસથાણે પહોંચ્યા, મામાને સઘળી વાત કરી.મામા કહે : અલ્યા ટાબરિયાઓ તમે નાટક–ચેટક તો નથી કરતાને ?સોનુ કહે : જરાયે નહીં.ચંદન કહે : અમે ખોટું બોલતા નથી.મામા કહે : ઠીક ત્યારે.બીજા દિવસે પોલીસો સાદા પોશાકમાં મંદિર અને મંદિરની આસપાસ ગોઠવાઈ ગયા. સાંજના આરતીટાણે શેઠ ગિરધારી આવ્યા, પૂજા કરી પ્રસાદ લીધો અને ઘર તરફ ચાલ્યા, ત્યાં એક માઢતિ આવી. વળાંક પાસે જ શેઠને ઝડપવા ગયા ત્યાં તેઓ જ ઝડપાઈ ગયા.સોનુ – ચંદન સાચા પુરવાર થયા. મામાએ તેને શાબાશી આપી. મામા પોલીસ ઈન્સ્પેક્ટર હતા, સરકારે તેમને ત્રાસવાદીઓને ઝડપવા બદલ તેમના માથાની રકમ ઈનામમાં આપી. મામા–મામીએ બંને છોકરાઓને નાનાં–મોટાં ઈનામ આપીને બિરદાવ્યા.

**('સાધના–કલરવ' – નવેમ્બર)**





બાલમિત્રો,

તમે કોઈ પૂછે કે, "તમને શું ગમે ? એટલે મોટે ભાગે ફિમ્ટેની વત આવે, આ સિવાય બળકો પાસેથી કંઈ સાંભળવા મળે જ નહિ, તમારે મોટા થઈ શું બનવું છે ? શું કરવું છે ? એમ પુછીએ તો પણ જવબ નિરાશાજનક જ મળે છે. બાળમિત્રો, આ માત્ર તમારા માટે જ નથી પણ મોટા યુવન ભાઈ–બહેનોનો પણ નકરમાં જ જવાબ મળે છે. જે યુવાનો ૨૫–૩૦ વર્ષે પણ એમ કહે કે : ખબર નથી, "તો મોટા થઈ શું કરશે ? મા–બાપના પૈસે તાગડધિન્ના કરવાના ? ખાવું–પીવું ને પેટ્રોલનો ધુમાડો કરવાનો સાચી વાત તો એ છે કે આવા ભીકેલા યુવાનોના માતા–પિતા પણ દિશાહી ન જ હોય એમને પણ કંઈ ખ્યાલ હોતો નથી કે તેમનો દીકરો કે દીકરી શું કરે છે.

બાળમિત્રો, મારે તમને એ કહેવું છે કે, નાનપણથી કોઈપણ દિશા નક્કી કરી લેવી જોઈએ,મારે શું કરવું છે ? શું બનવું છે ? એ તરફ આગળ વધવું જોઈએ પછી મોટપણે કંઈ થઈ શકાશે નહિ. જાગ્યા ત્યાંથી સવાર..

# માતા–પિતા



માતા – પિતા છે. જગન દેવ,
સુખ, દુઃખ માં સાથ છે દેવ
માતા – મમતા છે, ચાંદનો શીતળ
તા પિતા શકિત છે, સૂરજની
પ્રજવળતા
મત આપે દિલને દયા,
પિતા કરે સપનાને સચા
માતા ભકિત છે, આરાધના છે,
પિતા પ્રેરણા છે, સાધના છે,
તેમના ચરણમાં સ્વર્ગ વસે,
એવો આશિર્વાદ સંતનને મળે.


# આ મારું ચિત્ર છે




માંડલિયા ઈશા કલ્પેશભાઈ
( ધોરણ–૮(બી) રૂપાયતન પ્રાથમિક શાળા)



ભાલુ સાહિલ ભરતભાઈ
(ધોરણ–૯, રૂપાયતન પ્રાથમિક શાળા )



શિવમ ગોહિલ પંકજભાઈ
( ધોરણ–૫ (એ) રૂપાયતન પ્રાથમિક શાળા)



શિયાળ માહી કમલેશભાઈ
( ધોરણ–૬, શ્રી પાણિયા પ્રાથમિક શાળા )

# સાવરકુંડલા ખાતે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૫માં જ્ઞાનસત્રનો પ્રારંભ થયો










સાવરકુંડલા શહેરમાં આજરોજ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૫માં જ્ઞાનસત્રનો પ્રારંભ પ.પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે થયો. આ પ્રસંગે સાહિત્ય પરિષદ પ્રમુખ હર્ષદ ત્રિવેદી, રઘુવીરભાઈ ચૌધરી, રતિલાલભાઈ બોરીસાગર, પ. પૂ. મોરારીબાપુ, પ્રેરક વકતવ્ય સાથે યજમાન સંસ્થાના પ્રણવ પંડ્યા, પરિષદનો પરિચય ગુજરાતી સાહિત્યના લેખકો કવિઓ સાથે સાહિત્ય સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. સાંપ્રત સમયમાં આનંદમઠ સંદર્ભનો સાંપ્રત સમયમાં ઉલ્લેખ રઘુવીર ભાઈ ચૌધરીએ પોતાના ઉદબોધનમાં વંદે માતરમનો ઉલ્લેખ કરેલ. તો પ. પૂ. મોરારીબાપુના પ્રેરક પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા તેમણે સાહિત્ય સત્રનો ખરો અર્થ સમજાવ્યો. વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના રતિલાલભાઈ બોરીસાગરે પોતાની હાસ્ય સભર શૈલીમાં જાનૈયા અને માંડવિયાનો મહિમા સમજાવી સાવરકુંડલા શહેરના બંને હાથમાં લાડવો છે એ સાવરકુંડલા શહેરનું સૌભાગ્ય ગણાય તો વિદ્યાગુરૂ ફાઉન્ડેશન પ્રમુખ હરેશભાઈ મહેતાએ પોતાના ભાવસભર ગીતમાં સાવરકુંડલાને વણી લઈને સૌને સસ્નેહ આવકારેલ તો ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદભાઈ ત્રિવેદીએ પણ સાહિત્ય પરિષદની સાથે સાવરકુંડલા શહેરની પ્રશસ્તિ સભર અહેવાલ રજૂ કરી સોના દિલ જીતી લીધા હતાં. છેક અમેરિકાથી ઉપસ્થિત ન રહી શકેલા નટવર ગાંધી અને પન્ના નાયકનો ભાવસભર સંદેશે પણ મંચનું ધ્યાન આકર્ષિત કરેલ સમીરભાઈ ભટ્ટ અને પ્રણવ પંડ્યાએ પણ આ ઉદ્‌ઘાટન બેઠકનો દોર ખૂબ કુશળતાથી સંભાળી ગાગરમાં સાગર સમાવિષ્ટ રસપ્રદ સમા બાંધેલ આ ઉદ્‌ઘાટન બેઠકમાં શહેરના પ્રતિષ્ઠિત અગ્રણીઓ સાહિત્ય રસિકોએ આ બેઠકને મન ભરીને માણી. આ પ્રસંગે પ. પૂ. ભકિતરામબાપુ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીની પણ પ્રેરક ઉપસ્થિતિ જોવા મળેલ એકંદરે સાહિત્ય સાથે સાવરકુંડલાનો નાતો સતત મજબૂત રહે તેવા સંદર્ભ સાથે આભાર વિધિ રાજન ભટ્ટ દ્વારા કરવામાં આવી. બપોરે ભોજન વિરામ બાદની સાહિત્ય બેઠકમાં કવિ સંમેલનનો દોર વસંત જોષીના માર્ગદર્શન હેઠળ પ્રારંભ થયો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવ્યકાંતભાઈ સૂચક વોરા સાહેબ પ્રકાશભાઈ કટારીયા ડો રવિયા અને તેની સમગ્ર ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### દેવભૂમિ દેવળીયાનાં જાગૃત નાગરિક નાથાલાલની માંગ

# અમરેલી જિલ્લાની વર્ષો જુની ખેતીવાડી વીજ કનેકશનની લાઈનનુ રીપેરીંગ કરવુ જરૂરી

## રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવ્યો




અમરેલી, તા. ૧૯

અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ગામનાં જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ ઉર્જામંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લા ખેડુતોની વીજ લાઈન સમસ્યાઓ જેવી કે પોલ ત્રાસા વીજ વાયરો ઢીલા અને ટ્રાન્સફોર્મ ત્રાસા વિગેરે ખેડુતો દ્વારા સબંધિત પેટા વિભાગીય કચેરીઓને લેખિત રજુઆતો કરવામાં આવતી હોય છે. પરંતુ કોઈ યોગ્ય કાર્યવાહી કરી આ સમસ્યાનું નિવારણ આવતું નથી. જેના કારણે ખેડુતોના ઘઉંના પાકમાં આગ લાગવાની ઘટનાઓ તેમજ પશુ તેમજ માણસને ચોટ લાગવવાના બનાવો વધારે બને છે. છે. અને આના કારણે લાઈન ટ્રીપીંગ થવાના બનાવો બનતા રહે છે. જે બાબતને ગંભીરતા ગણી અમરેલી જિલ્લા કક્ષાની વર્તુળ કચેરી ખાતે અખબારો તેમજ સોશ્યલ મીડીયામાં જાહેરાત કરી આપના લેવલેથી ખેડુતોને જાહેર લોક દરબાર યોજી આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવા સંબધિત વિભાગને સુચના આપવા માંગ કરી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૦ | ૧૫૧૭ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૩ | ચણા | ૮૦૫ | ૮૦૫ |
| ૪ | સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૩૦૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૩૩૮ |
| ૪ | શિંગ મોટી | ૧૦૦૩ | ૧૩૩૨ |
| ૫ | શિંગદાણા | ૮૦૦ | ૧૪૧૧ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૫૦ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૫૦૫૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૨૨૦ | ૨૪૦૩ |
| ૯ | બાજરો | ૩૬૦ | ૭૫૬ |
| ૧૦ | જુવાર | ૮૨૫ | ૧૦૫૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૮ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૭૦ |
| ૧૩ | મગ | ૬૭૦ | ૧૩૦૦ |
| ૧૪ | અડદ | ૭૦૫ | ૧૩૦૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૪૧ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૦૨ | ૧૧૫૬ |
| ૧૭ | સફેદ ચણા | ૯૫૦ | ૧૦૫૧ |
| ૧૮ | છોલે ચણા | ૧૧૧૧ | ૧૫૪૦ |
| ૧૯ | તુવેર | ૮૦૦ | ૧૨૫૨ |
| ૨૦ | કપાસ | ૯૩૦ | ૧૫૭૧ |
| ૨૧ | એરંડા | ૧૦૯૫ | ૧૩૦૪ |
| ૨૨ | જીરૂ | ૩૪૫૦ | ૩૮૦૬ |
| ૨૩ | ધાણા | ૧૩૦૦ | ૧૭૭૦ |
| ૨૪ | અજમા | ૧૬૦૦ | ૧૭૫૦ |
| ૨૫ | મેથી | ૬૫૦ | ૧૦૨૮ |
| ૨૬ | સોયાબીન | ૬૧૬ | ૮૭૫ |
| ૨૭ | મરચા લાંબા | ૭૯૦ | ૩૫૨૦ |
| ૨૮ | કાંગ | ૩૦૨ | ૩૦૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨ | મગફળી | ૮૮૫ | ૧૧૮૧ |
| ૩ | ચણા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૪ | તલ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| ૫ | શીંગદાણા | ૧૦૧૫ | ૧૩૦૦ |
| ૬ | સોયાબીન | ૮૪૦ | ૮૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૯૦ |
| ૩ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૯૦૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | – |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૬૭ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૦૫ |
| ૧૦ | મકાઈ | ૩૫૦ | ૫૨૫ |
| ૧૧ | અડદ | ૬૫૮ | ૯૨૨ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૦૨૫ |
| ૧૩ | તુવેર | ૭૮૬ | ૧૨૦૧ |
| ૧૪ | રાય/રાયડો | ૧૬૬૦ | – |
| ૧૫ | ધાણા | ૧૩૨૫ | – |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૮૬૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## મતદારો મેપ થયા નથી

ચાલુ રહેનાર છે.

અમરેલી જિલ્લામાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત થઈ રહેલી કામગીરીની સમીક્ષા તથા માર્ગદર્શન માટે કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા નિયુકત કરવામાં આવેલા રોલ ઓબ્ઝર્વર સંદિપ કુમાર દ્વારા અમરેલી જિલ્લાની મુલાકાત લેવામાં આવી. જે અન્વયે જિલ્લાના લાઠી–બાબરા મત વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, અમરેલી તથા સંબંધિત વિધાનસભાના મતદાર નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારીઓ સાથે બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરી હતી તથા સંબંધિતોના પ્રતિભાવ મેળવ્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૦૫ વિધાનસભા મતદાર વિભાગ (૯૪–ધારી, ૯૫–અમરેલી, ૯૬– લાઠી, ૯૭–સાવરકુંડલા તથા ૯૮– રાજુલા)ના કુલ ૧૨,૭૧,૩૭૫ મતદારોના એન્યુમરેશન ફોર્મ વિતરણ કરવામાં આવેલ છે. જે પૈકી ૧૧,૩૨,૮૧૬ ફોર્મ ઓનલાઈન ડિજિટાઈઝ કરવામાં આવેલ છે. જે પૈકી ૪,૮૨,૫૦૩ મતદારો સ્વયં તરીકે અને ૫,૭૯,૧૧૩ મતદારો વંશજ તરીકે ૨૦૦૨ની મતદારયાદી સાથે મેપ થયા છે. જિલ્લામાં કુલ ૭૧૬૦૦ થી વધુ મતદારો હાલ સ્વયં અથવા વંશજ તરીકે મેપ થયા નથી.

જિલ્લામાં કુલ ૧,૩૮,૫૫૯ મતદારો એ/એસ/ડી (ગેરહાજર/સ્થળાંતર/મરણ) હોવાનું જાણવા મળ્યું છે.

આ એ/એસ/ડી (ગેરહાજર/સ્થળાંતર/મરણ) મતદારોની યાદી અમરેલી જિલ્લા કલેકટરની વેબસાઈટ https://amreli.nic.sir_data/ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શુક્રવારે મતદારયાદીની મુસદ્દા યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

આ યાદીમાં પોતાનું નામ હોવાની ખાતરી દરેક મતદારોએ પોતાના મતદાન મથકની મુલાકાત લઈ સુનિશ્ચિત કરી લેવા માટે રોલ ઓબ્ઝર્વર સંદીપકુમાર દ્વારા મતદારોને જણાવવામાં આવ્યું હતું. મતદારયાદીમાં સમાવિષ્ટ કોઈ મતદારને સંબંધિત મતદાર નોંધણી અધિકારી દ્વારા સુનાવણી અંગેની નોટિસ મોકલવામાં આવે તો ચિંતિત થયા વિના ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયત કરવામાં આવેલા પુરાવા રજૂ કરી, મતદારયાદી સુધારણા કામગીરીમાં મતદારોને સહયોગ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

મતદારોને સ્થાનિક કક્ષાએ જરૂરી માર્ગદર્શન આપી આ રાષ્ટ્રીય કામગીરીમાં સહભાગી બની મદદરૂપ થવા તમામ રાજકીય પક્ષોને રોલ ઓબ્ઝર્વર સંદીપ કુમાર તેમજ અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ વતી, પ્રતાપ ભાઈ દુધાત, જેનીબેન ઠુમ્મર, ભારતીય જનતા પક્ષ વતી મયુરભાઈ મંજરીયા, બહુજન સમાજવાદી પક્ષ વતી જીવરાજભાઈ પરમાર, સી.પી.એમ. પક્ષ વતી ભગવાનભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૮૫ | ૧૫૭૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૭ | ૫૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૭૧ |
| ૪ | તલ કાળા | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૪૦ |
| ૬ | ધાણા | ૧૫૬૦ | ૧૬૩૫ |
| ૭ | મેથી | ૮૯૦ | ૮૯૦ |
| ૮ | કાંગ | ૪૦૦ | ૪૨૦ |
| ૯ | અડદ | ૭૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | સોયાબીન | ૬૫૦ | ૮૯૦ |
| ૧૧ | મગફળી | ૬૩૦ | ૧૦૭૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૯૭૧ | ૧૩૨૫ |
| ૧૪ | લસણ | ૮૦૦ | ૯૦૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં ''કોંગ્રેસ'' પક્ષનાં

સૈનિક છીએ એનો અમને ગર્વ છે. સાથે સાથે ઈતિહાસ મહારાણા પ્રતાપનો એટલા માટે લખાણો હતો ખબર હતી અકબર સામે હારવાનુ જ હતું મહારાણા પ્રતાપ ન લડે તો હિંદુસ્તાનની સંસ્કૃતિ ટકાવવી ખૂબ કપરી હતી ને રાજસ્થાનમાં મહારાણા પ્રતાપે ઘાસની રોટલી ખાઈને અકબર સામે હારવાના હતા ત્યારે હારેલાના ઈતિહાસ લખાણા હોવાનું હૃદય સ્પર્શી ભાષણ કર્યુ હતું.

કોંગ્રેસની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયત લડવાનો પણ હુંકાર પ્રતાપ દુધાતે કર્યો હતો. બાદ હાથમાં બેનર પ્લે કાર્ડ સાથે ભાજપ વિરૂદ્ધ સુત્રોચાર કરતા કરતા પ્રતાપ દુધાત, જેનીબેન ઠુમ્મર સહિતના કોંગી નેતાઓ ડો. જીવરાજ મહેતા ચોકમાં પહોંચ્યા હતા ને નેશનલ હોરેલ્ડ કેસમાં સોનીયા ગાંધી અને રાહુલ ગાંધીને કોર્ટ દ્વારા કલીનચીટ મુદ્દે ફટાકડા ફોડીને ખુશી વ્યકત કરાઈ હતી ને એસઆઈઆર મુદે પણ અધિકારીઓની કામગીરીઓ સામે પ્રતાપ દુધાતે સવાલો ઉભા કર્યા હતા.


**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૨૧૮/૨૦૨૫

**અરજદાર :** શ્રી લીલીબેન ભીખાભાઈ બોદર
સરનામું : રહે. શેડુભાર, તા.જિ.અમરેલી.

:: **વિરૂદ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.વરસડા તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વરસડા ગામમાં અરજદારશ્રી **લીલીબેન ભીખાભાઈ બોદર** તેઓના પુત્ર **બોદર જીતેન્દ્રભાઈ ભીખાભાઈ**ની **જન્મ (તા.૦૧/૦૭/૧૯૭૯)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળ ાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૯–૧૧–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૫ | ૧૫૭૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી | ૧૦૧૧ | ૧૩૪૯ |
| ૪ | તલ સફેદ | ૧૬૮૫ | ૨૦૦૫ |
| ૫ | તલ કાળા | ૩૨૨૦ | ૪૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૦ | ૩૮૯૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૮ | ચણા | ૯૬૦ | ૧૦૭૦ |
| ૯ | અડદ | ૯૧૫ | ૧૧૯૫ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૪૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૦૧૧ |
| ૩ | કપાસ | ૮૦૦ | ૧૬૦૧ |
| ૪ | બાજરો | ૪૧૨ | ૪૩૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૭ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૮૦૦ |
| ૭ | મગ | ૫૦૨ | ૩૩૩૩ |
| ૮ | મઠ | ૭૧૧ | ૭૫૦ |
| ૯ | અડદ | ૮૨૫ | ૮૨૫ |
| ૧૦ | ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | સોયાબીન | ૭૪૦ | ૮૫૧ |

### ભાજપ દ્વારા વ્હાઇટ વોશ કરતા ધારાસભ્ય

# રાજુલા માર્કેટિંગ યાર્ડના હાલના ચેરમેન સહિત પાંચ ડિરેક્ટરો બિનહરીફ

## પાલિકામાં ભગવો લહેરાયા બાદ નાગરિક બેંક અને હવે માર્કેટિંગ યાર્ડ પણ બિનહરીફ



અમરેલી, તા. ૧૯

રાજુલા માર્કેટિંગ યાર્ડની ચૂંટણી જાહેર કરવામાં આવી હતી આગામી ૨૬ ડિસેમ્બરના રોજ ચૂંટણી યોજના હતી જેના અનુસંધાને અગાઉ વેપારી પેનલની ચાર અને ખરીદ વેચાણ વિભાગની બે એમ મળી કુલ છ બેઠક બિનહરીફ થઈ હતી અને ખેડૂત પેનલમાં ૧૦ બેઠક સામે ૧૫ ફોર્મ ભરવામાં આવ્યા હતા.

આજરોજ રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂત બેઠકની પણ ૧૦ બેઠકો બિન હરીફ થતા રાજુલા માર્કેટિંગ યાર્ડમાં કુલ ૧૬ બેઠકો સાથે ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય બિનહરીફ વિજય થયો હતો.

વિજય થયા બાદ રાજુલા માર્કેટિંગ યાર્ડમાં શહીદ ચોક ખાતે ફટાકડા ફોડી વિજય સરઘસ બનાવવામાં આવ્યું હતું આજે ફોર્મ પર જ ખેંચવાની અંતિમ તારીખ હતી ત્યારે વહેલી સવારથી જ આગેવાનો કામે લાગી ગયા હતા અને રાજુલા માર્કેટિંગ યાર્ડ બિનહરી બને તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, હરસુરભાઈ લાખણોત્રા, પીઠાભાઈ નકુમ, રવુભાઈ ખુમાણ, અરજણભાઈ વાઘ, રાજુભાઈ પરસાણા, કનુભાઈ કળસરિયા સહિતના આગેવાનોની જહેમત રંગ લાવી હતી અને રાજુલા માર્કેટીંગ યાર્ડમાં ભાજપનો ભોગવો લહેરાયો હતો.

### વર્તમાન પ્રોજેક્ટ અને ભવિષ્યની યોજનાઓને લઈને

# અમરેલીમાં અમર ડેરી ખાતે અમુલનાં ચેરમેનનાં નેતૃત્વમાં ઉચ્ચ પદાધિકારીઓની બેઠક યોજાઈ

## અમર ડેરીનાં સ્થાપક ચેરમેન દિલીપ સંઘાણી પણ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (અમર ડેરી) ખાતે જી.સી.એમ.એમ.એફ (અમુલ)ના ચેરમેન અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં ઉચ્ચ પદાધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ પ્રતિષ્ઠિત મુલાકાતમાં જી.સી.એમ.એમ.એફના વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા, અમુલફેડ ડેરીના જનરલ મેનેજર બયાતી, એસ.ઓ.ડી ગોજીયા તેમજ રાજકોટ દૂધ સંઘ (ગોપાલ ડેરી)ના મેનેજિંગ ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અમર ડેરીના સ્થાપક ચેરમેન દિલીપભાઈ સંઘાણીની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવપૂર્ણ બનાવ્યો હતો. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, સંઘનાં મેનેજિંગ ડિરેક્ટર ડો. આર.એસ. પટેલ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા જી.એમ. દ્વારા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન અમર ડેરીની કુલ વિકાસયાત્રા, આધુનિક પ્રોજેક્ટ્સ, ભવિષ્યની યોજનાઓ તેમજ પશુપાલકોના સર્વાંગી કલ્યાણ માટે હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે વિસ્તૃત અનેસાર્થક ચર્ચા યોજાઈ હતી. જી.સી.એમ.એમ.એફના મહેમાનોને અમર ડેરી દ્વારા અમલમાં મુકાયેલા નવીન પ્રોજેક્ટ્સ અને ઝડપી પ્રગતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી, જેને લઈ તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ અવસરે મહેમાનો દ્વારા અમર મધ ઉછેર કેન્દ્ર, ઈ.ટી.આઈ.વી.એફ લેબોરેટરી તેમજ સેન્ટર ઓફ એક્સેલન્સ – ગીર ગાય સંવર્ધન કેન્દ્રની મુલાકાત લેવામાં આવી. ખાસ કરીને ઈ.ટી.આઈ.વી.એફ ટેકનોલોજી દ્વારા જન્મેલા સ્વસ્થ બચ્ચાઓ જોઈ મહેમાનો અત્યંત આનંદિત થયા હતા અને અમર ડેરીની વૈજ્ઞાનિક તથા આધુનિક અભિગમ બિરદાવામાં આવેલ હતો.

જી.સી.એમ.એમ.એફ (અમુલ)ના ચેરમેન અશોકભાઈ ચૌધરીએ અમર ડેરી દ્વારા કરવામાં આવતી પશુ હિતલક્ષી, ખેડૂત અને પશુપાલક કેન્દ્રિત કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે, અમર ડેરી આજે માત્ર દૂધ સંઘ જ નથી, પરંતુ અમરેલી જિલ્લાની રોજગારીનું મજબૂત કેન્દ્ર બની છે. સહકારથી સમૃદ્ધિના અમુલ્ય સિદ્ધાંતને અમર ડેરીએ સાચા અર્થમાં સાકાર કર્યો છે અને ભવિષ્યમાં પણ જી.સી.એમ.એમ.એફ તથા અમર ડેરી વચ્ચે સહકાર વધુ મજબૂત બનશે તેવુ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સુશાસન એટલે ''અટલ નેતૃત્વ, અવિરત વિકાસ''

# અમરેલી : સ્વામિત્વ યોજના હેઠળ જિલ્લામાં ૬,૭૬૦ પ્રોપર્ટી કાર્ડનું ગૌરવપૂર્ણ વિતરણ

## ગામડાંની મિલકતને મળ્યું કાયદેસરનું સરનામું





અમરેલી, તા. ૧૯

ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ એટલે તા. ૨૫ ડિસેમ્બરને દર વર્ષે સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમના મતે લોકશાહી ત્યારે જ સાર્થક બને જયારે સામાન્ય માણસને વહીવટમાં ભાગીદારીનો અહેસાસ થાય. તેઓ હંમેશા કહેતા કે, જે શાસન પારદર્શી, જવાબદારીપૂર્ણ અને સંવેદનશીલ હોય તે જ સાચું 'સુશાસન' છે.

ભારત સરકાર દ્વારા ગ્રામીણ આબાદી વિસ્તારોમાં રહેતા નાગરિકોને તેમની મિલકતના અધિકારો પ્રદાન કરી શકાય અને ગ્રામ્ય ભારતમાં આર્થિક સશકિતકરણ તેજ ગતિથી આગળ ધપે તે ઉદ્દેશ સાથે વર્ષ ૨૦૨૦માં સ્વામિત્વ યોજનાને અમલી બનાવવામાં આવી હતી. આ યોજના ડ્રોન આધારિત સર્વેક્ષણનો ઉપયોગ કરીને ગ્રામીણ રહેણાંક જમીનની કાયદેસર માલિકી પ્રદાન કરે છે. મિલકત ધરાવનાર માલિકને માલિકી અધિકાર સ્વરૂપે પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવે છે, જે માલિકી હક્કનો કાયદેસરનો પુરાવો છે.


અમરેલી જિલ્લા નિરીક્ષક–જમીન દફતર અશ્વિનસિંહ ઝાલાએ જણાવ્યું કે, સ્વામિત્વ યોજના અન્વયે ગ્રામીણ આબાદી વિસ્તારોમાં રહેતા નાગરિકોને તેમની મિલકતનો અધિકાર મળે છે. જિલ્લામાં ૫૮૯ ગામોમાં ડ્રોન ફ્લાઈટ પૂર્ણ કરવામાં આવી છે. કુલ ૬,૭૬૦ પ્રોપર્ટી કાર્ડ (મિલકત અધિકાર કાર્ડ)નું વિતરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીની કામગીરી પ્રગતિ તળે છે. તેમણે ઉમેર્યું કે, મિલકત અધિકાર થકી ગ્રામ્યકક્ષાએ આર્થિક પરિવર્તનને વેગ મળશે.

અમરેલીના દેવરાજીયા ગામના રહીશ હરદીપભાઈ બસિયાએ જણાવ્યું કે, સ્વામિત્વ યોજનાનો લાભ લેવા માટે મેં અરજી પ્રક્રિયા કરી હતી. મને મારી મિલકતનું પ્રોપર્ટી કાર્ડ મળતા મકાન માલિકીનો હક મળ્યો છે. તેમણે પ્રોપર્ટી કાર્ડ–મિલકત અધિકાર આપવા બદલ સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

''સ્વામિત્વ યોજના'' માત્ર જમીનની માપણી પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે વર્ષ ૨૦૪૭ના ''વિકસિત ભારત''ના નિર્માણનો મજબૂત પાયો છે. નજીકના ભવિષ્યમાં આ યોજના ગ્રામીણ અર્થતંત્રમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે, જયાં દરેક ગ્રામીણ નાગરિક પાસે પોતાની મિલકતનું ડિજિટલ અને કાયદેસરનું પ્રમાણ હશે. આ વિઝન થકી ભારતનો આત્મા એવા ગામડાઓ 'આત્મનિર્ભર' બનશે; ગ્રામીણ સંપત્તિનો ઉપયોગ બેંકોમાંથી લોન મેળવવા અને નવા વ્યવસાયો શરૂ કરવા માટે મૂડી નિર્માણ તરીકે થઈ શકશે.

### હું માનવી માનવ થાવ તો ઘણું

# ૨૦ ડિસેમ્બર, ''આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ''



અમરેલી, તા. ૧૯

વિશ્વભરમાં દર વર્ષ તા. ૨૦મી ડિસેમ્બરે ''આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ'' ઉજવાય છે. ભારતીય સંસ્કૃતિમાં તો ''વસુધૈવ કુટુમ્બકમ''ની ભાવના પ્રાચીનકાળથી જ છે. સંયુકત રાષ્ટ્રસંઘમાં વર્ષ–૨૦૦૫માં પ્રતિ વર્ષ '' આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ'' ઉજવવાનો પ્રસ્તાવ પાસ કર્યો હતો. વિવિધતામાં એકતાના દર્શન, વિવિધ દેશો વચ્ચે થયેલી સમજૂતિઓ તથા સામૂહિક કરારોની સમીક્ષા, વિશ્વના દેશોમાં પબ્લિક ટુપબ્લિક કોન્ટેકટ વધે અને વૈશ્વિકએકતાની ભાવના ઊભી થાય તે ઉપરાંત અવિરત વિકાસ, ગરીબી નાબુદી અને બીમારીઓ સામેની લડતમાં વૈશ્વિક એકતા ઉભી થાય તેવા ઉદેશ્યથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ મુજબ ''સર્વે સુખિનઃ સન્તૂ સર્વે સન્તૂ નિરામયા''ના મંત્ર અનુસાર વિશ્વ બંધુત્વની ભાવના શાસ્ત્રોમાંથી જ પ્રજ્જવલિત છે, જેનો વૈશ્વિક પ્રચાર થાય છે. ''વિવિધતામાં એકતા'' આ વાત લોકો જાણતા જ હોય છે પરંતુ તેને કોઈ અનુસરતું નથી.

આજે વિનાં યુવાનોને સમજાવવાની જરૂર છે કે સમગ્ર વિ માટે એકતા કેટલી મહત્વની છે. આજે વિશ્વમાં જાતિવાદ, જ્ઞાતિવાદ, કોમવાદ, ગોરા કાળાનો ભેદ ધરાવતા વિભિન્ન લોકો વસે છે. આવા લોકોની સંસ્કૃતિ અને સભ્યતા ભલે જુદી જુદી હોય પરંતુ અંતે તો બધા માણસ જ છે ને છતાં પણ વર્તમાન સમયમાં દેશ–દેશ વચ્ચેની એકતા હોય, રાજય–રાજય વચ્ચેની હોય, શહેર–શહેરની હોય કે પછી પરિવાર વચ્ચેની કેમ ન હોય કયાંય એકતા જોવા મળતી નથી. પરિવારમાં પણ સંપનો અભાવ જોવા મળે એ તો ખરેખર દયનીય બાબત છે. આજે એકતા તો દુરની વાત છે પણ સૌ કોઈ હરીફાઈની હોડમાં છે જેનાં કારણે આર્થિકથી લઈને બીજા તમામ પ્રકારનાં નુકસાન થાય છે. એકતા માટે આજની પેઢીઅને પહેલાની પેઢી વચ્ચે પરસ્પર વિચારોનું સાતત્યપૂર્ણ આદાનપ્રદાન ખૂબ જ જરૂરી છે, કારણ કે આજનો યુવા જુની પેઢીના વિચારોનો ખૂબ વિરોધ કરે છે તો જુની પેઢીના લોકો આજના યુવા પેઢીના વિચારો સાથે સહમત થતા નથી. એના કારણે જ પરિવારમાં મોટા ભાગના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તેથી એકતાનું મહત્વ પહેલા પરિવારને સમજવું જોઈએ, જે સમાજનું સૌથી નાનું એકમ છે. કારણ કે જો સમાજમાં એકતા ન હોય તો આપણે ગામ, શહેર, રાજય અને દેશમાં એકતાની અપેક્ષા કેવી રીતે રાખી શકીએ ! તેથી એકતાનું મહત્વ સમજીએ અને પ્રેમ, ત્યાગને અપનાવીએ.

એકતામાં જ અખંડીતતા.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી જિલ્લાના ન્યૂઝ ૧૮ વેબના પત્રકાર અભિષેક ગોંડલીયાનો જન્મદિવસ



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાના પ્રાણ પ્રશ્નોના ઉજાગર કરવા હંમેશા પોઝીટીવ થીકીંગ સાથેનું પત્રકારત્વ કરતા અભિષેક ગોંડલીયા એટલે ગ્રામીણ ગામડા સાથે મહિલાઓ અને ખેડૂતોલની પોઝીટીવ સ્ટોરીઓ થકી સફળતા પ્રાપ્ત કરેલા પત્રકાર અભિષેક ગોંડલીયા ગ્રામીણ ગામડામાંથી આવે છે ને આજના સમયમાં નેગેટિવ પત્રકારત્વ કરતા પોઝીટીવ પત્રકારત્વ અપનાવીને બાગાયતી ખેતી કરતા ખેડૂતો, ગાય આધારિત ખેતી કરતા ખેડૂતો આત્મનિર્ભર ભારત માટે કમર કસ્તી મહિલાઓના પોઝિટીવ ન્યૂઝ લખીને આગવી ઓળખ ઊભી કરનાર અભિષેક ગોંડલીયા હંમેશા સત્ય, પારદર્શકતાનો સમન્વય એકમાત્ર ન્યૂઝના માધ્યમથી અવાજ બનીને નિષ્ઠાપૂર્વકનું પત્રકારત્વ કરી રહ્યા હોય ત્યારે આજે અભિષેક ગોંડલીયા ૨૯ વર્ષ પૂર્ણ કરી ૩૦માં વર્ષ મંગલ પ્રવેશ કરવાના જન્મદિવસનાં અવસર પર વિશાળ મિત્ર વર્તુળ સાથે રાજકીય સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રનાં મિત્રો દ્વારા અભિનંદનનો ધોધ ૭૨૮૪૯૯૦૯૭૪ પર થઈ રહ્યો છે.

# લાઠીના શેખ પીપરીયામાં રકતદાન કેમ્પ યોજાયો



લાઠી, તા.૧૯

લાઠી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ દ્વારા શેખ પીપરીયા ખતે શાંતા બા મેડિકલ કોલેજના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાઠી તાલુકા હેલ્થ ઓફિસર ડો.આર.આર.મકવાણા, ડો.મુકેશસિંહ, સરપંચ બાબુલાલ ધાંધલ અને સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરાયો હતો. સગર્ભા માતાઓ અને થેલેસેમીયાના દર્દીઓની કાયમી લોહીની જરૂરિયાતને પહોંચી વળવા તેમજ ઈમરજન્સીમાં લોહીની અછત ન સર્જાય તેવ શુભ આશયથી શેખપીપરિયા ગામના રકતદાતાઓએ બહોળી સંખ્યામાં સ્વયંભુ રીતે ભાગ લઈ રકતદાન કર્યુ હતું. પ્રભાત બાંભવા, જયેશ બુધેલા, ચિરાગ હિંગુ, મનોજ બારૈયા આરોગ્ય કાર્યકરો અને આશા બહેનોએ જહેમત ઉઠાવી આ કેમ્પને સફળ બનાવ્યો હતો. તેમજ આવનારા સમયમાં પણ આવી રીતે રકતદાન કેમ્પનું આયોજન કરેલ હોય વધુમાં વધુ લોકો તેમાં ભાગ લે તેવી આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# ભૈ વાહ : લાઠીનાં મતિરાળા ગામે રૂપિયા ૬૧.૮૮ લાખના ખર્ચે પુલનું નિર્માણ કરાશે

## સમગ્ર પંથકનાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાના મતિરાળા ગામમાં ગામજનોની લાંબા સમયથી ચાલતી આવી રહેલી મુળભૂત માંગને પૂર્ણ કરતાં ગામના વિકાસને ગતિ આપવા માટે રૂા. ૬૧.૮૮ લાખના ખર્ચે બનનારા પુલ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત વિધિવત રીતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ્ હસ્તે યોજાયું.

આ પુલ મતિરાળા સહિત આસપાસના અનેક ગામોને એકબીજા સાથે સુગમતાથી જોડવાનો મુખ્ય માર્ગ બની રહેશે. વર્ષો સુધી વરસાદી મોસમમાં અવરજવર મુશ્કેલ બનતી હતી, ખેતી ઉત્પાદનના પરિવહનમાં મુશ્કેલી પડતી હતી તેમજ વિદ્યાર્થીઓ માટે શાળા કોલેજ સુધી પહોંચવું મુશ્કેલ બનતું હતું.

પુલના નિર્માણથી ગ્રામજનોને સુરક્ષિત અને સરળ અવરજવર, ખેડુતોને પાક અને માલસામાનના ઝડપી પરિવહનમાં સુવિધા, વિદ્યાર્થીઓ અને કામદારોને દૈનિક મુસાફરીમાં રાહત, નજીકના બજારો, હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે વધુ જોડાણ જેમના કારણે સમગ્ર વિસ્તારમાં વિકાસના નવા દ્વાર ખુલશે.

સમારંભમાં ઉપસ્થિત ગામજનોને સંબોધતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું કે રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ પ્રત્યે સંપૂર્ણ પ્રતિબધ્ધ છે. મૂળભૂત સુવિધાઓ, માર્ગવ્યવસ્થા, પીવાનું પાણી, ખેતી માટે અનુકૂળ પરિસ્થિતિ અને જાહેર સેવાઓ આ બધું સુલભ કરવાનું સરકારનું મુખ્ય ધ્યેય છે.

તેમણે વધુ ઉમેર્યું કે મતિરાળા ગામે આગામી વર્ષોમાં અનેક વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે અને આજે શરૂ થયેલો પુલ નિર્માણનો પ્રોજેકટ ગામના વિકાસમાં માઈલસ્ટોન સાબિત થશે.

### શહેરીજનોની પાલિકા સમક્ષ વ્યાજબી માંગ

# સાવરકુંડલાનાં મહુવા રોડ ઉપર અવારનવાર ગટર ઉભરાવવાની સમસ્યા દુર કરો

## સ્વચ્છતા અભિયાનમાં ગંદકીનો માહોલ યોગ્ય નથી



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાથી એચડીએફસી બેંક સુધીના જાહેર માર્ગ અવારનવાર ગટર ભરાવાને કારણે વેપારીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. આમ ખુલ્લે આમ ગટરના ગંદા પાણી જાહેર રોડ પર વહેતા હોય. લોકોના આરોગ્ય માટે પણ જોખમકારક છે. અને આ સ્થિતિ લગભગ એક મહિનાથી જોવા મળે છે. આ ઓવરફ્લો ગટર સમસ્યાથી લગભગ ૫૦ જેટલા વેપારીઓ ભારે પરેશાન છે. આ સંદર્ભે વારંવાર પ્રમુખ, ચીફ, નગરપાલિકા સદસ્ય, નગરપાલિકા ફરિયાદ નિવારણ નંબર પર તથા ઓનલાઈન ઈ નગર પર ફરિયાદ કરીને જાણ કરેલ છે, છતાં હજુ સુધી સમસ્યાનું નિરાકરણ આવેલ નથી, થોડીવાર નગરપાલિકાનું બ્રાઉઝર આવે છે, પાણી નાખીને ચાલ્યા જાય છે, એક વખત હજારો રૂપિયાના કામ કરાવીને પણ જોયેલ પણ હજુ સુધી ફરિયાદનુ નિવારણ આવેલ નથી, તો આ સંદર્ભે નગરપાલિકા તંત્રે આવા ખોટા ખર્ચાઓ કરીને પણ જો સંતોષકારક પરિણામ પ્રાપ્ત ન થતું હોય તો લાયક અને આ વિષય સંદર્ભના નિષ્ણાંત કર્મચારીઓને સાથે રાખીને લોકોને આવી સમસ્યાઓથી બચાવી આ ગટરથી ઉભરાતા ગંદા પાણીથી મુક્તિ મળે એ જ વિકલ્પ હોય શકે. એક તરફ સાવરકુંડલા શહેરમાં શહેરની શાન સમા ગુજરાતી સાહિત્ય પરિષદનો કાર્યક્રમ ચાલે છે અને સમાંતર આ ગટરના વહેતા ગંદા પાણી શહેરને શરમજનક સ્થિતિમાં મૂકે છે.

### અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત

# અમરેલી : શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજનું M.com sem-3નુ શ્રેષ્ઠ પરિણામ

## ક્રિના પોપટ, અવિષા વઘાસીયા અને પૂજા ચૌહાણ અગ્રેસર







અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજનું M.com sem-3નું યુનિવર્સિટીમાં શ્રેષ્ઠ ૧૦૦% પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની ક્રિના પોપટ, અવિષા વઘાસીયા અને પૂજા ચૌહાણે અનુક્રમ ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ સ્થાન મેળવી ગૌરવ વધારતાં ટ્રસ્ટી અને સ્ટાફગણે શુભેચ્છા પાઠવી છે.

### બંને પગ અને કમરમાં દુઃખાવાથી કંટાળીને

# ધારીનાં પ્રેમપરામાં રહેતા આધેડે વેકરીયાપરામાં વેલ્ડીંગની દુકાનમાં ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૧૯

ધારીના પ્રેમપરા વિસ્તારમાં રહેતાં હસમુખભાઈ શિવલાલભાઈ કારેલીયા નામનાં ૫૯ વર્ષીય આધેડને છેલ્લા બારેક વર્ષથી બન્ને પગ તથા કમરનો દુઃખાવો થતો હોય કંટાળી જઈ ગત તા.૧૮ ના રોજ બપોરનાં ૧/૪૫ વાગ્યા આસપાસ ચાંમુડા વેલ્ડ્રીગ દુકાનની અંદર ગળાફાસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાંનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL (ગોળ હોસ્પિટલ)
Managed by Netra Chikitsa Trust - Amreli

સફાઈ કર્મચારી જોઈએ છે....

પુરુષ અને મહિલાઓ માટે કમાવાની તક અને આકર્ષક પગાર સાથે આજે જ મળો......

વધુ માહિતી માટે સંપર્ક કરો
૯૯૭૮૯૯૬૬૨૯
ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

Sheetal ICE CREAM

WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Franchise Development Manager - 1 (Experience: 1-2 Years)
- Sales & Marketing Officer - 2 (Experience: 1-2 Years)
- Night Billing Executive - 2 (Experience: 1-2 Years)
- Reporting Manager - 2 (Experience: 1-2 Years)
- Junior Accountant - 1 (Experience: 1-2 Years)
- Trainer - 1 (Experience: 1-2 Years)

Location: Amreli

hrscpl1987@gmail.com
+91 95109 59957

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ ફોરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,20,000/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૯૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીયાળામાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલી એક્સપ્રેસ
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
:: સંસ્થાના માર્ગદર્શકશ્રીઓ ::
ગુરૂવર્યશ્રી એચ.એલ. પટેલ સાહેબ
શ્રી પરશોતમભાઈ રૂપાલા સાંસદશ્રી - રાજકોટ
મયુર ગજેરા (સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા) | નિલેશ ગજેરા (ડાયરેક્ટર) | પ્રહલાદ વામજા (કેમ્પસ ડાયરેક્ટર)
તથા સમગ્ર શાળા સ્ટાફ પરિવાર તથા વિદ્યાર્થીગણ...
ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
ફોરીયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં,અમરેલી. ફોન : 02792-230010/20, મો.: 63529 29855

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
amreli express
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના





સચોટ-સટીક સાતત્યસભર દૈનિક

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

એજન્ટ/પત્રકારની
નિમણુંક કરવાની છે
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૬
થી
તા.૩૧–૧૨–૨૦૨૬

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)